તો તેનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડે[1] અને સત્યને જૂઠાડે[2] જ્યારે કે (એ) તેની પાસે આવે? શું જહન્નમમાં કાફિરોનું ઠેકાણું નથી ? (૩૨) અને તેઓ જે આ સત્યને લઇને પધાર્યા[3] અને તેઓ જેમણે એની સચ્ચાઇને ટેકો આપ્યો[4] તેઓ જ ડરવાવાળા છે (૩૩) તેમના માટે (તે) છે જે તેઓ ઇચ્છે, પોતાના રબ પાસે. નેક લોકોનો આવો જ બદલો છે (૩૪) જેથી અલ્લાહ તેમના (શિરે)થી ઉતારી આપે બુરામાં બુરૂં કામ જે તેમણે કર્યું (હોય) અને તેમને તેમના સવાબનો બદલો આપે સારામાં સારા કામ બદલ[5] જે તેઓ કરતા હતા (૩૫) શું અલ્લાહ પોતાના બન્દા માટે પુરતો નથી?[6] અને તમને તેના સિવાય અન્યોથી ડરાવે છે.[7] અને જેને અલ્લાહ ગુમરાહ કરે તેની હિદાયત કરનાર કોઇ નથી (૩૬) અને જેને હિદાયત આપે અલ્લાહ તેને કોઇ બેહકાવનાર નથી, શું અલ્લાહ ઇજ્જતવાળો બદલો લેનાર નથી ?[8] (૩૭) અને જો તમે એમને પૂછો; 'આકાશો અને પૃથ્વી કોણે બનાવ્યાં?' તો જરૂર કહેશે; 'અલ્લાહે'[9]

فمن اظلم ٢٤ — الزمر ٣٩

فَمَنْ اَظْلَمُ مِمَّنْ كَذَبَ عَلَى اللّٰهِ وَكَذَّبَ
بِالصِّدْقِ اِذْ جَآءَهٗ اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْكٰفِرِيْنَ ﴿٣٢﴾
وَالَّذِيْ جَآءَ بِالصِّدْقِ وَصَدَّقَ بِهٖٓ اُولٰٓئِكَ هُمُ
الْمُتَّقُوْنَ ﴿٣٣﴾ لَهُمْ مَّا يَشَآءُوْنَ عِنْدَ رَبِّهِمْ ذٰلِكَ جَزٰٓؤُا
الْمُحْسِنِيْنَ ﴿٣٤﴾ لِيُكَفِّرَ اللّٰهُ عَنْهُمْ اَسْوَاَ الَّذِيْ عَمِلُوْا
وَيَجْزِيَهُمْ اَجْرَهُمْ بِاَحْسَنِ الَّذِيْ كَانُوْا يَعْمَلُوْنَ ﴿٣٥﴾
اَلَيْسَ اللّٰهُ بِكَافٍ عَبْدَهٗ وَيُخَوِّفُوْنَكَ بِالَّذِيْنَ مِنْ
دُوْنِهٖ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿٣٦﴾ وَمَنْ
يَّهْدِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ مُّضِلٍّ اَلَيْسَ اللّٰهُ بِعَزِيْزٍ
ذِى انْتِقَامٍ ﴿٣٧﴾ وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ لَيَقُوْلُنَّ اللّٰهُ قُلْ اَفَرَءَيْتُمْ مَّا تَدْعُوْنَ

૧. અને તેના માટે શરીક તેમજ ઔલાદ ઠેરવે.

૨. એટલે કે કુરઆન શરીફને અથવા રસૂલ અલયહિસ્સલામની રિસાલતને.

૩. અર્થાત રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જે અલ્લાહ એક હોવાનો પૈગામ લાવ્યા.

૪. એટલે કે હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હૂ અથવા બધા જ મુઅમિનીન.

૫. અર્થાત તેમની બદીઓ બદલ પકડ કરે નહિ અને નેકીઓનો ઉત્તમ બદલો આપે.

૬. અર્થાત સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ માટે. અને એક કિરાઅતમાં "ઇબાદહૂ" પઢાએલું છે એ રીતે બધા જ નબીઓ તરફ નિર્દેશ થશે જેમને તેમની કોમો તરફથી કષ્ટો આપવાના ઇરાદા થયા પણ અલ્લાહ તઆલાએ તેમને શત્રુઓની શરારતોથી બચાવી લીધા અને તેમના તરફથી પૂરતો થઇ પડયો.

૭. એટલે કે મૂર્તિઓથી. બનાવ એવો બન્યો હતો કે અરબના કાફિરોએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ડરાવવાનો ઇરાદો કર્યો અને આપને કહ્યું કે; તમે અમારી મૂર્તિઓને વગોવવાનું છોડી દો નહિ તો તેઓ તમને નુકસાન કરશે અને તમારો નાશ કરી દેશે અથવા ગાંડા બનાવી દેશે.

૮. બેશક! તે પોતાના શત્રુઓ પાસેથી બદલો લે છે.

૯. અર્થાત આ મુશરિકો કુદરતવાળા ઇલ્મવાળા અને હિકમતવાળા અલ્લાહના અસ્તિત્વને તો માને છે અને એ તો સમગ્ર મખ્લૂકને માન્ય છે અને સૃષ્ટિની પ્રકૃતિ એની સાક્ષી છે અને જે કોઇ આકાશ અને પૃથ્વીની આશ્ચર્યજનક વસ્તુઓ વિષે મનન કરે છે તેના પર એ વાત ખાત્રીપૂર્વક સ્પષ્ટ થઇ જાય છે કે આ સૃષ્ટિ

مِنْ دُوْنِ اللّٰهِ اِنْ اَرَادَنِيَ اللّٰهُ بِضُرٍّ هَلْ هُنَّ
كٰشِفٰتُ ضُرِّهٖٓ اَوْ اَرَادَنِيْ بِرَحْمَةٍ هَلْ هُنَّ مُمْسِكٰتُ
رَحْمَتِهٖ ؕ قُلْ حَسْبِيَ اللّٰهُ ؕ عَلَيْهِ يَتَوَكَّلُ الْمُتَوَكِّلُوْنَ ﴿٣٨﴾
قُلْ يٰقَوْمِ اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ اِنِّيْ عَامِلٌ ۚ فَسَوْفَ
تَعْلَمُوْنَ ﴿٣٩﴾ مَنْ يَّاْتِيْهِ عَذَابٌ يُّخْزِيْهِ وَيَحِلُّ عَلَيْهِ
عَذَابٌ مُّقِيْمٌ ﴿٤٠﴾ اِنَّآ اَنْزَلْنَا عَلَيْكَ الْكِتٰبَ لِلنَّاسِ
بِالْحَقِّ ۚ فَمَنِ اهْتَدٰى فَلِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَاِنَّمَا
يَضِلُّ عَلَيْهَا ۚ وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِوَكِيْلٍ ﴿٤١﴾ اَللّٰهُ يَتَوَفَّى
الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَالَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا ۚ فَيُمْسِكُ
الَّتِيْ قَضٰى عَلَيْهَا الْمَوْتَ وَيُرْسِلُ الْاُخْرٰٓى اِلٰٓى
اَجَلٍ مُّسَمًّى ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٤٢﴾

**તમે ફરમાવો; 'જરા કહો તો ખરા કે તેઓ જેમને તમે અલ્લાહ સિવાય પૂજો છો[૧૦] જો અલ્લાહ મને કોઇ કષ્ટ પહોંચાડવા ઇચ્છે[૧૧] તો શું તેઓ તેની મોકલેલી તકલીફ ટાળી શકશે ? અથવા જો તે મારા પર કૃપા કરવા ઇચ્છે તો શું તેઓ તેની મહેરબાનીને અટકાવી રાખશે ?[૧૨] તમે કહો; 'અલ્લાહ મારા માટે પૂરતો છે[૧૩] વિશ્વાસ મૂકનારાઓ તેના પર વિશ્વાસ રાખે' (૩૮) તમે ફરમાવો; 'અય મારી કોમ ! પોતાના સ્થાને કામ કર્યે જાવ[૧૪], હું મારૂં કામ કરૂં છે[૧૫], તો આગળ જાણી લેશો (૩૯) કોના પર આવે છે તે અઝાબ જે તેને અપમાનિત કરશે[૧૬] અને કોના પર ઉપરે છે અઝાબ જે રહી પડશે[૧૭] (૪૦) બેશક ! અમે તમારા પર આ કિતાબ લોકોની હિદાયત માટે સત્યતા સાથે ઉતારી[૧૮] તો જેણે માર્ગ મેળવ્યો તેણે પોતાના ભલા ખાતર[૧૯] અને જે ભટકી ગયો તે પોતાનું જ અહિત કરવા ભટકયો[૨૦] અને તમે કંઇ તેમના જવાબદાર નથી[૨૧] (૪૧) અલ્લાહ જીવોને વફાત આપે છે તેમની મોત સમયે અને જેઓ મરે નહિ તેમને ઊંઘમાં. પછી જેમના પર મોતનો હુકમ સાદર કર્યો તેને થોભાવી રાખે છે[૨૨] અને બીજાને[૨૩] એક ચોક્કસ સમય મર્યાદા સુધી છોડી આપે છે.[૨૪] આમાં બેશક ! વિચારનારાઓ માટે નિશાનીઓ છે[૨૫] (૪૨)**

એક કુદરતવાળા અને હિકમતવાળાની સર્જેલી છે. અલ્લાહ તઆલા પોતાના નબી અલયહિસ્સલામને ફરમાવે છે કે તમે એ મુશરિકો સ્હામે એ વાત પુરવાર કરી દો. જેમ કે ફરમાવે છે.....

૧૦. અર્થાત મૂર્તિઓને. એટલું તો જુઓ કે તેઓ જરા જેટલી પર કુદરત ધરાવે છે ? અને એ કોઇ કામમાં સહાયક પણ થઇ શકે છે ?

૧૧. ગમે તે જાતનું, બીમારીનું અથવા દુકાળનું અથવા નાદારીનું અથવા બીજું ગમે તે.

૧૨. જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આ પ્રશ્ન મુશરિકોને પૂછ્યો ત્યારે તેઓ નિરૂત્તર રહ્યા અને ચુપકીદી સેવી લીધી, હવે વાત પુરવાર થઇ ચૂકી અને તેમની ચુપકીદીના સ્વીકારથી સાબિત થઇ ગયું કે મૂર્તિઓ તદ્દન કુદરત વિહોણી છે ન તો કોઇ લાભ આપી શકે ન તો કોઇ નુકસાન, એમને પૂજવી તદ્દન અજ્ઞાનતા છે. એટલા માટે અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ફરમાવ્યું.....

૧૩. તેના પર જ મારો વિશ્વાસ છે અને જેને અલ્લાહ તઆલામાં વિશ્વાસ હોય તે કોઇનાથી બ્હીતો નથી. તમે જે મને મૂર્તિઓ જેવી કુદરતહિન અને અધિકાર વિનાની વસ્તુઓથી ડરાવો છો એ તમારી ઘણી જ અજ્ઞાનતા અને મૂર્ખતા છે.

૧૪. અને જેટલી જેટલી ચાલબાજીઓ તમારાથી બની શકે તે બધી જ મારી અદાવતમાં કરી ગુજરો.

૧૫. જેનો હુકમ મને થયો છે તે એટલે કે દીનનું સ્થાપન, અને અલ્લાહ તઆલા મારો સહાયક અને મદદગાર છે અને તેના પર જ મને ભરોસો છે.

أَمِ اتَّخَذُوا مِنْ دُونِ اللَّهِ شُفَعَاءَ ۚ قُلْ أَوَلَوْ
كَانُوا لَا يَمْلِكُونَ شَيْئًا وَلَا يَعْقِلُونَ ﴿٤٣﴾ قُلْ لِلَّهِ
الشَّفَاعَةُ جَمِيعًا ۖ لَهُ مُلْكُ السَّمَاوَاتِ وَالْأَرْضِ ۖ ثُمَّ
إِلَيْهِ تُرْجَعُونَ ﴿٤٤﴾ وَإِذَا ذُكِرَ اللَّهُ وَحْدَهُ اشْمَأَزَّتْ
قُلُوبُ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِالْآخِرَةِ ۖ وَإِذَا ذُكِرَ
الَّذِينَ مِنْ دُونِهِ إِذَا هُمْ يَسْتَبْشِرُونَ ﴿٤٥﴾ قُلِ
اللَّهُمَّ فَاطِرَ السَّمَاوَاتِ وَالْأَرْضِ عَالِمَ الْغَيْبِ
وَالشَّهَادَةِ أَنْتَ تَحْكُمُ بَيْنَ عِبَادِكَ فِي مَا كَانُوا
فِيهِ يَخْتَلِفُونَ ﴿٤٦﴾ وَلَوْ أَنَّ لِلَّذِينَ ظَلَمُوا مَا فِي الْأَرْضِ
جَمِيعًا وَمِثْلَهُ مَعَهُ لَافْتَدَوْا بِهِ مِنْ سُوءِ
الْعَذَابِ يَوْمَ الْقِيَامَةِ ۚ وَبَدَا لَهُمْ مِنَ اللَّهِ

શું તેમણે અલ્લાહના મુકાબલામાં અમુક સિફારિશ કરનારાઓ બનાવી રાખ્યા છે ?[૨૬] તમે ફરમાવો; 'શું તેઓ કોઇ વસ્તુના માલિક ન હોય[૨૭] બને બુધ્ધિ ન ધરાવતા હોય તો પણ ?' તમે કહો; 'શફાઅત તો બધી અલ્લાહના હાથમાં છે[૨૮] આકાશો અને પૃથ્વીનું રાજ્ય તેનું જ છે પછી તમારે તેની તરફ જ ફરીને જવાનું છે[૨૯]' (૪૪) અને જ્યારે એક અલ્લાહની વાત થાય છે (ત્યારે) તેમનાં હૃદયો સંકોચાઇ જાય છે જેઓ આખેરતને માનતા નથી[૩૦] અને જ્યારે એ સિવાય અન્યોની વાત થાય છે[૩૧] ત્યારે તરત જ તેઓ હર્ષોત્સવ કરે છે (૪૫) તમે વિનવો; 'અય અલ્લાહ ! આકાશો અને પૃથ્વીના સર્જનહાર ! જાહેર છુપાને જાણનાર ! તુ પોતાના બન્દાઓમાં ફેંસલો કરી આપીશ જે બાબતમાં તેઓ મતભેદ ધરાવતા હતા[૩૨]' (૪૬) અને જો જાલિમો પાસે જે કંઇ પૃથ્વીમાં છે તે બધું અને એની સાથે એના જેટલું જ બીજું[૩૩] હોત તો એ બધું જ (તેઓ) કયામતના દિવસના મહા અઝાબથી (પોતાને) છોડાવવામાં આપી દેત[૩૪]. અને તેમને અલ્લાહ તરફથી તે વાત વિદિત થઇ જે તેમના ખ્યાલમાં હતી નહિ[૩૫]

૧૬. જેમ કે તેઓ બદરના દિવસે તે અપમાનિત કરનાર અઝાબમાં સપડાયા.

૧૭. અર્થાત કાયમનો હશે અને તે જહન્નમનો અઝાબ છે.

૧૮. જેથી તેનાથી હિદાયત મેળવે.

૧૯. કે એ માર્ગ પામવાનો લાભ તે પોતે જ મેળવશે.

૨૦. તેને ભટકવાનો વબાલ અને નુકસાન તેને જ સ્પર્શશે.

૨૧. તેમના વાંકની પૂછપરછ તમને નહિ થાય.

૨૨. અર્થાત તે જીવને તેના શરીર તરફ પરત કરતો નથી.

૨૩. જેનું મૃત્યુ નથી આવ્યું તેના (જીવને).

૨૪. અર્થાત તેના મૃત્યુના સમય સુધી.

૨૫. જેઓ મનન કરે અને સમજે કે જે આ વાતની કુદરત ધરાવે છે તે અવશ્ય મડદાંઓને જીવંત કરવાની પણ કુદરત ધરાવે છે.

૨૬. અર્થાત મૂર્તિઓ જેમના વિષે તેઓ કહેતા હતા કે આ અલ્લાહ સમક્ષ અમારી ભલામણકર્તા છે.

૨૭. ન તો ભલામણ કરવાના ન તો કોઇ બીજી વસ્તુના.

૨૮. જે તેના તરફથી અધિકૃત હોય તે જ શફાઅત કરી શકે છે અને અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેને ઇચ્છે તેને શફાઅત કરવાની પરવાનગી આપે છે, મૂર્તિઓને તેણે શફાઅત કરનાર બનાવી નથી અને ઇબાદત તો અલ્લાહ સિવાય કોઇની પણ જાઇઝ નથી શફીઅ હોય કે ન હોય.

(૪૭) અને તેમના પર પોતાની કમાએલી બુરાઇઓ ઉઘડી ગઇ[૩૬] અને જેની હાંસી ઉડાવતા હતા તે જ તેમના પર ચઢી આવ્યો[૩૭] (૪૮) પછી જ્યારે માનવીને કોઇ કષ્ટ લાધે છે ત્યારે અમને પોકારે છે પછી જ્યારે અમે તેને અમારી પાસેથી કોઇ નેઅમત આપીએ છીએ (ત્યારે) કહે છે; 'આ તો મને એક વિદ્યાના લીધે મળી છે[૩૮]' બલ્કે તે તો ચકાસણી છે[૩૯] પણ એમનામાં ઘણાને જાણ નથી[૪૦] (૪૯) એમનાથી આગલાઓ પણ આવું જ કહી ચૂક્યા[૪૧] તો તેમનું કમાએલું તેમને કશું કામ લાગ્યું નહિ (૫૦) તો તેમના પર આવી પડી તેમની કમાણીની બુરાઇઓ[૪૨] અને તે જેઓ એમનામાં જાલિમ છે નજીકમાં જ તેમના પર તેમની કમાણીની બુરાઇઓ આવી પડશે, અને તેઓ કાબૂમાંથી નીકળી શકતા નથી[૪૩] (૫૧) શું તેમને ખબર નથી કે અલ્લાહ જેના માટે ઇચ્છે તેના માટે રોજી વિસ્તૃત કરે છે અને (જેના માટે ઇચ્છે તેના માટે) તંગ કરે છે. બેશક ! એમાં ઇમાનવાળાઓ માટે અવશ્ય નિશાનીઓ છે (૫૨) તમે ફરમાવો; 'અય મારા તે બન્દાઓ

فمن اظلم ٢٤ — الزمر ٣٩

مَا لَمْ يَكُونُوا يَحْتَسِبُونَ ﴿٤٧﴾ وَبَدَا لَهُمْ سَيِّئَاتُ مَا
كَسَبُوا وَحَاقَ بِهِمْ مَا كَانُوا بِهِ يَسْتَهْزِئُونَ ﴿٤٨﴾
فَإِذَا مَسَّ الْإِنْسَانَ ضُرٌّ دَعَانَا ثُمَّ إِذَا خَوَّلْنَاهُ
نِعْمَةً مِنَّا قَالَ إِنَّمَا أُوتِيتُهُ عَلَىٰ عِلْمٍ ۚ بَلْ
هِيَ فِتْنَةٌ وَلَٰكِنَّ أَكْثَرَهُمْ لَا يَعْلَمُونَ ﴿٤٩﴾ قَدْ
قَالَهَا الَّذِينَ مِنْ قَبْلِهِمْ فَمَا أَغْنَىٰ عَنْهُمْ مَا
كَانُوا يَكْسِبُونَ ﴿٥٠﴾ فَأَصَابَهُمْ سَيِّئَاتُ مَا كَسَبُوا ۚ
وَالَّذِينَ ظَلَمُوا مِنْ هَٰؤُلَاءِ سَيُصِيبُهُمْ سَيِّئَاتُ
مَا كَسَبُوا وَمَا هُمْ بِمُعْجِزِينَ ﴿٥١﴾ أَوَلَمْ يَعْلَمُوا
أَنَّ اللَّهَ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَشَاءُ وَيَقْدِرُ ۚ
إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِقَوْمٍ يُؤْمِنُونَ ﴿٥٢﴾ قُلْ

૨૯. આખેરતમાં.

૩૦. અને તેઓ ખૂબ જ સંકુચિત હૃદયના અને પરેશાન થાય છે અને અણગમાનાં ચિન્હો તેમના મોઢાંઓ પર વિદિત થાય છે.

૩૧. એટલે કે મૂર્તિઓની.

૩૨. અર્થાત દીનના મામલામાં. ઇબ્ને મુસય્યબના હવાલાથી કહેવામાં આવ્યું છે કે આ આયત પઢીને જે દુઆ માંગવામાં આવે તે કબૂલ થાય છે.

૩૩. અર્થાત જો કાફિરો સમગ્ર જગતના માલ દોલત અને ભંડારોના માલિક હોત અને એટલું જ બીજુ પણ તેમની પાસે હોત.

૩૪. કે કોઇ રીતે આ દોલત આપીને તેમને એ મહા અઝાબથી છુટકારો મળે.

૩૫. અર્થાત એવા એવા સખત અઝાબ જેનો એમને ખ્યાલ પણ ન હતો. અને આ આયતની તફસીર માં એવું પણ કહેવાયું છે કે; તેઓ વિચારતા હશે કે તેમની પાસે નેકીઓ છે પણ જ્યારે આમાલનામું ખોલાશે ત્યારે ગુન્હાઓ જ નીકળશે.

૩૬. જે તેમણે દુનિયામાં કરી હતી અલ્લાહ તઆલા સાથે શરીક ઠેરવવા અને તેના મિત્રો પર જુલ્મ કરવો વિગેરે.

૩૭. અર્થાત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જે અઝાબની ખબર આપી હતી અને જેની તેઓ ઠેકડી ઉડાડતા હતા તે અઝાબ આવી પડયો અને તેઓ એમાં ઘેરાઇ ગયા.

يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰٓى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا
مِنْ رَّحْمَةِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا ؕ
اِنَّهٗ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ۝٥٣ وَاَنِيْبُوْٓا اِلٰى رَبِّكُمْ وَاَسْلِمُوْا
لَهٗ مِنْ قَبْلِ اَنْ يَّاْتِيَكُمُ الْعَذَابُ ثُمَّ لَا تُنْصَرُوْنَ ۝٥٤
وَاتَّبِعُوْٓا اَحْسَنَ مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ مِّنْ قَبْلِ
اَنْ يَّاْتِيَكُمُ الْعَذَابُ بَغْتَةً وَّاَنْتُمْ لَا تَشْعُرُوْنَ ۝٥٥
اَنْ تَقُوْلَ نَفْسٌ يّٰحَسْرَتٰى عَلٰى مَا فَرَّطْتُّ فِيْ
جَنْۢبِ اللّٰهِ وَاِنْ كُنْتُ لَمِنَ السّٰخِرِيْنَ ۝٥٦ اَوْ تَقُوْلَ
لَوْ اَنَّ اللّٰهَ هَدٰىنِيْ لَكُنْتُ مِنَ الْمُتَّقِيْنَ ۝٥٧ اَوْ تَقُوْلَ
حِيْنَ تَرَى الْعَذَابَ لَوْ اَنَّ لِيْ كَرَّةً فَاَكُوْنَ
مِنَ الْمُحْسِنِيْنَ ۝٥٨ بَلٰى قَدْ جَآءَتْكَ اٰيٰتِيْ

! જેમણે પોતાના પ્રાણો પર અતિશયોક્તિ કરી ![44] અલ્લાહની રહમતથી નિરાશ થાઓ નહિ, બેશક ! અલ્લાહ બધા જ ગુન્હાઓ માફ કરી દે છે[45], બેશક ! તે જ માફ કરનાર મહેરબાન છે (૫૩) અને પોતાના રબ પ્રતિ કેન્દ્રિત થાવ[46] અને તેની સમક્ષ માથુ નમાવો[47] એ પહેલાં કે તમારા પર અઝાબ આવી પડે પછી તમારી મદદ થાય નહિ (૫૪) અને તેને અનુસરો જે તમારા રબ તરફથી સારામાં સારૂં તમારી તરફ ઉતારવામાં આવ્યું[48] એ પહેલાં કે અઝાબ તમારા પર ઓચિંતો આવી ચઢે અને તમને ખબર (પણ) પડે નહિ[49] (૫૫) કે (જેથી) ક્યાંક કોઇ જીવ એવું કહે નહિ કે; 'હાય અફસોસ ! તે ભૂલો બદલ જે મેં અલ્લાહ વિશે કરી[50] અને બેશક ! હું હાંસી ઉડાડયા કરતો હતો[51] (૫૬) અથવા (એવું કહે કે; 'અલ્લાહ મને રસ્તો દેખાડત તો હું ડરવાળાઓમાં હોત' (૫૭) અથવા (એવું) કહે જ્યારે કે અઝાબ જુએ; 'કોઇ રીતે મને પરત જવાનું મળે[52] તો હું નેકીઓ કરૂં[53]' (૫૮) હા ! કેમ નહીં, બેશક ! તારી પાસે મારી આયતો આવી તો

૩૮. અર્થાત દોલત કમાવવાની જે જાણકારી મારી પાસે છે તેનાથી હું આ દોલત કમાયો છું. જેવું કે કારૂને કહ્યું હતું.

૩૯. અર્થાત એ નેઅમત અલ્લાહ તઆલા તરફથી અજમાયશ છે કે બન્દો એ બદલ આભાર માને છે કે નગુણો બને છે.

૪૦. કે આ નેઅમત અને દેણ ચકાસણી અને પરિક્ષા છે.

૪૧. અર્થાત એ વાત કારૂને પણ કહી હતી કે આ દોલત તો મને મારી વિદ્યાના કારણે પ્રાપ્ત થઇ છે અને તેની કોમ તેની આવી બેહૂદી વાતથી ખુશ થઇ હતી એટલે તે પણ આવું બોલનારી ગણવામાં આવી.

૪૨. અર્થાત જે ગુન્હાઓ તેમણે કર્યા હતા તેની સજા.

૪૩. જેમ કે તેઓ સાત વરસો સુધી દુકાળની મુસીબતમાં સપડાવવામાં આવ્યા.

૪૪. ગુન્હાઓ અને આજ્ઞાનું ઉલ્લંઘન કરીને.

૪૫. તેના જે કુફ્ર કરવાથી અટકે.

**શાને નુઝૂલ** :- મુશરિકોમાંથી અમુક માણસો સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે આવ્યા અને કહ્યું કે, 'બેશક ! તમારો દીન તો તદ્દન સાચો અને ખરો છે, પરંતુ અમે મોટા મોટા ગુન્હાઓ કર્યા છે ખૂબ જ નાફરમાનીઓમાં રચ્યા પચ્યા રહ્યા છીએ, શું અમારા એ ગુન્હાઓ કોઇ રીતે માફ થઇ શકે છે ? ત્યારે આ આયત ઉતરી.

૪૬. તવબહ કરીને.

તેં એને જૂઠાડી અનેઅભિમાનકર્યું અને તુ કાફિર હતો[૫૪] (૫૯) અને જેમણે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડ્યું[૫૫] તેમને તમે કયામતના દિવસે દેખશો કે તેમનાં મોઢાંઓ કાળાં છે. શું અભિમાનીનું ઠેકાણું જહન્નમમાં નથી ![૫૬] (૬૦) અને અલ્લાહ પરહેઝગારોને તેમની નજાતની જગ્યાએ[૫૭] બચાવી લેશે, ન તો તેમને અઝાબ અડે ન તેમને ચિંતા થાય (૬૧) અલ્લાહ દરેક વસ્તુનો સર્જનહાર છે અને તે પ્રત્યેક વસ્તુનો મુખત્યાર છે (૬૨) તેના માટે જ છે આકાશો અને પૃથ્વીની કુંચીઓ[૫૮]. અને જેમણે અલ્લાહની આયતોનો ઇન્કાર કર્યો તેઓ જ ખોટમાં છે (૬૩) તમે ફરમાવો[૫૯]; 'તો શું અલ્લાહ સિવાય બીજાને પૂજવાનું મને કહો છો, અય જાહિલો?[૬૦] (૬૪) અને બેશક ! વહી કરવામાં આવી તમારી તરફ અને તમારાથી આગલાઓ તરફ કે; અય સાંભળનાર ! જો તેં અલ્લાહનો શરીક ઠેરવ્યો તો અવશ્ય તારૂં કરેલું ધરેલું બધું વ્યર્થ જશે અને જરૂરથી તુ પરાજયમાં રહીશ (૬૫) બલ્કે અલ્લાહની જ બંદગી કર અને શુકરવાળાઓમાં થા[૬૧] (૬૬)



فَكَذَّبْتَ بِهَا وَاسْتَكْبَرْتَ وَكُنْتَ مِنَ الْكٰفِرِيْنَ ﴿٥٩﴾
وَيَوْمَ الْقِيٰمَةِ تَرَى الَّذِيْنَ كَذَبُوْا عَلَى اللّٰهِ وُجُوْهُهُمْ
مُّسْوَدَّةٌ ؕ اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْمُتَكَبِّرِيْنَ ﴿٦٠﴾
وَيُنَجِّى اللّٰهُ الَّذِيْنَ اتَّقَوْا بِمَفَازَتِهِمْ ۫ لَا يَمَسُّهُمُ السُّوْٓءُ
وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٦١﴾ اَللّٰهُ خَالِقُ كُلِّ شَيْءٍ ۫ وَّهُوَ عَلٰى
كُلِّ شَيْءٍ وَّكِيْلٌ ﴿٦٢﴾ لَهٗ مَقَالِيْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
وَالَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ اُولٰٓئِكَ هُمُ
الْخٰسِرُوْنَ ﴿٦٣﴾ قُلْ اَفَغَيْرَ اللّٰهِ تَاْمُرُوْٓنِّيْٓ اَعْبُدُ اَيُّهَا
الْجٰهِلُوْنَ ﴿٦٤﴾ وَلَقَدْ اُوْحِيَ اِلَيْكَ وَاِلَى الَّذِيْنَ مِنْ
قَبْلِكَ ۚ لَئِنْ اَشْرَكْتَ لَيَحْبَطَنَّ عَمَلُكَ وَلَتَكُوْنَنَّ مِنَ
الْخٰسِرِيْنَ ﴿٦٥﴾ بَلِ اللّٰهَ فَاعْبُدْ وَكُنْ مِّنَ الشّٰكِرِيْنَ ﴿٦٦﴾

૪૭. અને નિખાલસતાથી આજ્ઞાનું પાલન કરો.

૪૮. તે અલ્લાહની કિતાબ કુરઆન મજીદ છે.

૪૯. અને અજાણતામાં પડયા રહો, તેથી પહેલાંથી સાવધાન રહેવું જોઇએ.

૫૦. કે તેની આજ્ઞાઓનું પાલન કર્યું નહિ અને તેના હક્કને પિછાણ્યો નહિ અને તેની ખુશી મેળવવાની ફિકર રાખી નહિ.

૫૧. અલ્લાહ તઆલાના દીન અને તેની કિતાબની.

૫૨. અને ફરી દુનિયામાં જવાની તક મળે...

૫૩. આવાં ખોટાં બહાનાંઓના જવાબ અલ્લાહ તઆલા તરફથી તે છે જે આગલી આયતમાં કહેવામાં આવે છે.

૫૪. અર્થાત તારી પાસે કુરઆન પાક પહોંચ્યું અને સત્ય તેમજ અસત્યના માર્ગો સ્પષ્ટ કરી દેવાયા અને તને હક તેમજ હિદાયત સ્વીકારવાની શક્તિ પણ આપવામાં આવી, તેમ છતાં તેં સત્યને છોડયું અને અભિમાનને લીધે તેને સ્વીકાર્યું નહિ અને ગુમરાહી સ્વીકારી લીધી, જે હુકમ આપવામાં આવ્યો તેનો વિરોધ કર્યો, તો હવે તારૂં એવું કહેવું ગલત છે કે; 'જો અલ્લાહ મને રસ્તો દેખાડત તો હું ડરવાળાઓમાં હોત' અને (એવી જ રીતે) તારાં તમામ બહાનાંઓ ખોટાં છે.

૫૫. અને અલ્લાહની શાનમાં એવી વાત કહી જે તેને છાજતી નથી તેના માટે શરીક ઠેરવ્યા, ઔલાદ ઠેરવી તેના ગુણોનો ઇન્કાર કર્યો તેનું પરિણામ આ છે કે.....

فمن اظلم ٢٤ — الزمر ٣٩

وَمَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدْرِهٖ ۖ وَالْاَرْضُ جَمِيْعًا قَبْضَتُهٗ
يَوْمَ الْقِيٰمَةِ وَالسَّمٰوٰتُ مَطْوِيّٰتٌ بِيَمِيْنِهٖ ۚ سُبْحٰنَهٗ
وَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ﴿٦٧﴾ وَنُفِخَ فِى الصُّوْرِ فَصَعِقَ
مَنْ فِى السَّمٰوٰتِ وَمَنْ فِى الْاَرْضِ اِلَّا مَنْ شَآءَ
اللّٰهُ ۖ ثُمَّ نُفِخَ فِيْهِ اُخْرٰى فَاِذَا هُمْ قِيَامٌ يَّنْظُرُوْنَ ﴿٦٨﴾
وَاَشْرَقَتِ الْاَرْضُ بِنُوْرِ رَبِّهَا وَوُضِعَ الْكِتٰبُ وَ
جِاىْٓءَ بِالنَّبِيّٖنَ وَالشُّهَدَآءِ وَقُضِىَ بَيْنَهُمْ بِالْحَقِّ
وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٦٩﴾ وَوُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا عَمِلَتْ
وَهُوَ اَعْلَمُ بِمَا يَفْعَلُوْنَ ﴿٧٠﴾ وَسِيْقَ الَّذِيْنَ كَفَرُوْٓا
اِلٰى جَهَنَّمَ زُمَرًا ۗ حَتّٰٓى اِذَا جَآءُوْهَا فُتِحَتْ اَبْوَابُهَا وَقَالَ
لَهُمْ خَزَنَتُهَآ اَلَمْ يَاْتِكُمْ رُسُلٌ مِّنْكُمْ يَتْلُوْنَ عَلَيْكُمْ

અને તેમણે અલ્લાહની કદર કરી નહિ જેવો કે તેનો હકક હતો[૬૨]. અને તે કયામતના દિવસે બધી જમીનોને વાળી લેશે અને તેની કુદરતથી બધાં આકાશો લપેટી લેવામાં આવશે[૬૩] અને (અલ્લાહ) તેમના શિર્કથી પાક અને ઉચ્ચ છે (૬૭) અને સૂર ફૂંકવામાં આવશે તો બેહોશ થઇ જશે જેટલા આકાશોમાં છે અને જેટલાં પૃથ્વીમાં છે[૬૪] (તે બધાં) પરંતુ જેને અલ્લાહ ઇચ્છે[૬૫], પછી તે બીજીવાર ફૂંકવામાં આવશે[૬૬] ત્યારે તરત જ તેઓ દેખતા થઇને ઉભા થઇ જશે[૬૭] (૬૮) અને પૃથ્વી પોતાના રબના નૂરથી[૬૮] ઝળહળી ઉઠશે[૬૯] અને કિતાબ (કાઢીને સ્હામે) મૂકવામાં આવશે[૭૦] અને (બોલાવી) લાવવામાં આવશે નબીઓ, અને આ નબી અને એની ઉમ્મત તેમના પર ગવાહ થશે[૭૧] અને લોકોમાં સાચો ફેંસલો કરી દેવામાં આવશે અને તેમના પર જુલ્મ નહિ થાય (૬૯) અને દરેક જીવને તેની કરણી પુરેપુરી આપવામાં આવશે અને જે તેઓ કરતા હતા તે તેને સારી રીતે જાણે છે[૭૨] (૭૦) અને કાફિરો જહન્નમ તરફ હાંકવામાં આવશે[૭૩] ટોળે ટોળાં[૭૪] એટલે સુધી કે જ્યારે ત્યાં લાધશે (ત્યારે) તેના દરવાજાઓ ઉઘેડવામાં આવશે[૭૫] અને તેના પહેરેદારો તેમને

૫૬. જેઓ અભિમાનના કારણે ઇમાન લાવ્યા નહિ.

૫૭. તેમને જન્નત આપશે.

૫૮. અર્થાત રહમત, રોજી, વરસાદ વિગેરેના ભંડારોની કુંચીઓ તેની જ પાસે છે તે જ એનો માલિક છે. અને એવું પણ કહેવાયું છે કે હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહુ તઆલા અન્હૂએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આ આયતની તફસીર પૂછી ત્યારે આપે ફરમાવ્યું; આકાશો અને પૃથ્વીની ચાવીઓ આ છે "લાઇલાહ ઇલ્લલ્લાહુ વલ્લાહુ અકબર વ સુબ્હાનલ્લાહિ વબિ હમ્દિહી વસ્તગફિરૂલ્લાહ વલા હવલ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહિ વહુવલ અવ્વલુ વલ આખિરૂ વઝઝાહિરૂ વલ બાતિનુ બિયદિહિલ ખૈર યુહયી વયુમીતુ વહુવ અલા કુલ્લિ શયઇન કદીર." હેતુ એ છે કે આ શબ્દોમાં અલ્લાહની તવહીદ અને તેની બુઝુર્ગીનું વર્ણન છે (એટલે) એ આકાશો અને પૃથ્વીની ભલાઇઓની ચાવીઓ છે જે મુઅમિન આ શબ્દો બોલશે તે ઉભય જગતની ભલાઇઓ પામશે.

૫૯. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! કુરેશના એ કાફિરોને જેઓ આપને પોતાના ધર્મ એટલે કે મૂર્તિપૂજા તરફ બોલાવે છે.

૬૦. જાહિલ એટલા માટે કહ્યું કે તેમને એટલી પણ ખબર નથી કે અલ્લાહ તઆલા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી તેના વિષે ચોક્કસ દલીલો સ્થાપિત હોવા છતાં.

૬૧. જે નેઅમતો અલ્લાહ તઆલાએ તને આપી તેની આજ્ઞાઓનું પાલન કરીને તેનો આભાર માન.

૬૨. તેથી જ તો શિર્કમાં સંડોવાયા જો અલ્લાહની મહાનતાથી માહિતગાર હોત અને તેની પદવીને

ઓળખત તો એવું શા માટે કરત ? ત્યાર પછી અલ્લાહ તઆલાની મહાનતા અને જલાલનું વર્ણન થાય છે.

૬૩. **હદીષ** :- બુખારી અને મુસ્લિમમાં હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુમાથી રિવાયત છે કે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે; કયામતના દિવસે અલ્લાહ તઆલા આકાશોને લપેટીને પોતાની કુદરતના હાથમાં લઇ લેશે પછી ફરમાવશે; 'હું છું અલ્લાહ ! ક્યાં છે જબ્બાર ? ક્યાં છે મુતકબ્બિર ? રાજ્ય અને દેશોના દાવેદારો !' પછી જમીનોને લપેટીને પોતાના બીજા કુદરતના હાથમાં લઇ લેશે પછી ફરમાવશે; 'હું છું બાદશાહ ! ક્યાં છે પૃથ્વીના રાજાઓ?'

૬૪. આ પ્રથમવાના સૂર ફૂંકવાનુ બયાન છે એ સૂર ફૂંકાવાના કારણે જે બેહોશી થશે તેની હાલત એવી હશે ફરિશ્તાઓ અને જમીનવાળાઓમાંથી જેઓ જીવતા હશે જેમને મોત નહિ આવ્યું હોય તેઓ એનાથી મરી જશે અને જેમના પર મૃત્યુ આવી ચૂકેલું હશે પણ ફરી અલ્લાહે તેમને જીવન આપ્યું અને તેઓ પોતાની કબરોમાં જીવતા છે જેમકે નબીઓ અને શહીદો તેમના પર આ સૂરના કારણે બેભાન જેવી હાલત આવી લાગશે અને જે લોકો કબરોમાં મરેલા પડયા છે તેમને આ સૂરનું ભાન પણ નહિ થાય. (જુમલ વિગેરે)

૬૫. આ અપવાદમાં કોણ કોણ શામેલ છે એ બાબતે તફસીરકર્તાઓનાં ઘણા કથનો છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું; પહેલા સૂરથી તમામ આસ્માન અને જમીનવાળાંઓ મરી જશે સિવાય કે જિબ્રઇલ, મીકાઇલ, ઇસરાફીલ અને મલકુલ મૌત. પછી અલ્લાહ તઆલા બન્ને સૂરો વચ્ચે જે ચાલીસ વરસની મુદ્દત છે તેમાં એ ફરિશ્તાઓને પણ મૃત્યુ આપશે. બીજું કથન એ છે કે અપવાદ કરાએલા લોકો શહીદો છે જેમના માટે કુરઆન મજીદમાં "બલ અહયાઉન" કહેવાયું છે, હદીષ શરીફમાં પણ છે કે તેઓ શહીદો હશે જેઓ ગરદનમાં તલ્વારો ભેરવીને અર્શની આજુ બાજુ હાજર થશે. ત્રીજું કથન એ છે કે હઝરત જાબિર રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું કે; અપવાદ કરાએલા હઝરત મૂસા અલયહિસ્સલામ છે, આપ તૂર પર પહેલાં બેહોશ થઇ ચૂકેલા છે, એટલે આ સૂરથી બેહોશ નહિ થાય બલ્કે આપ જાગતા અને હોશમાં રહેશે. ચોથું કથન એ છે કે; અપવાદિત જન્નતની હૂરો છે અને અર્શ તથા કુરસીના રહીશો છે. ઝિહાકનું કહેવું છે કે; અપવાદિત રિઝવાન અને જન્નતની હૂરો અને તે ફરિશ્તાઓ જે જહન્નમની વ્યવસ્થા પર નક્કી થએલા છે તે અને જહન્નમના સાંપ વિંછીઓ છે. (તફસીરે કબીર, જુમલ)

૬૬. આ બીજું સૂર છે જેનાથી મડદાંઓ જીવતાં કરવામાં આવશે.

૬૭. પોતાની કબરોમાંથી. અને દેખતા થઇને ઉભું થવાનો મતલબ એ છે કે તેઓ આશ્ચર્યમય બનીને દરેક બાજુ આભા બનીને આંખો ઉઘાડી દેખતા હશે અથવા એવો અર્થ છે કે તેઓ દેખતા હશે કે હવે તેમની સાથે કેવી વર્તણુંક થાય છે. અને અલ્લાંહપાકની મહેરબાનીથી ઇમાનવાળાઓની કબરો પાસે સવારીનાં સાધનો હાજર કરવામાં આવશે જેવો કે અલ્લાહ તઆલાએ આ આયતમાં વાયદો ફરમાવ્યો છે; "યવમ નહશુરૂલ મુત્તકીન ઇલર રહમાને વફદા".

૬૮. અતિ ચળકતા પ્રકાશથી એટલે સુધી કે લાલશની ઝલક દેખાશે. એ જમીન દુનિયાની જમીન નહિ હોય બલ્કે નવી જ જમીન હશે જે અલ્લાહ તઆલા કયામતના દિવસની મહેફિલ માટે સર્જશે.

૬૯. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; એ નૂર ચંદ્ર કે સૂર્યનું નહિ હોય બલ્કે એ જુદુ જ નૂર હશે જેનું અલ્લાહ પાક સર્જન કરશે જેનાથી ધરતી ઝળહળી ઉઠશે.

૭૦. અર્થાત આમાલની કિતાબ માટે. એનો નિર્દેશ યા તો લવહે મહફૂઝ પ્રતિ છે જેમાં દુનિયાના હેવાલ કયામત સુધીના ખુલાસાવાર લખાએલા છે અથવા દરેક માણસનું આમાલનામું જે તેનાં હાથમાં હશે.

કહેશે; 'શું તમારામાંથી જ તમારી પાસે તે રસૂલ આવ્યા ન હતા જે તમારી સમક્ષ તમારા રબની આયતો પઢતા હતા અને તમને આ દિવસના મેળાપથી ડરાવતા હતા ?' કહેશે; 'કેમ નહિ ?[૭૬] પરંતુ અઝાબનું વચન કાફિરો માટે પુરૂં થયું[૭૭]' (૭૧) કહેવામાં આવશે; 'જહન્નમના દરવાજાઓમાં પેસો તેમાં હમેશાં રહેવા માટે' તો અભિમાનીઓનું ઠેકાણું કેટલું ખરાબ ! (૭૨) અને જેઓ ડરતા હતા પોતાના રબથી, તેમની અસ્વારીઓ[૭૮] સમૂહ ગત જન્નત તરફ દોરવામાં આવશે એટલે સુધી કે જ્યારે ત્યાં પહોંચશે અને તેના દ્વાર ઉઘેડાએલાં હશે[૭૯] અને તેના ચોકિયાતો તેમને કહેશે; 'તમારા પર સલામ !તમે સારા રહ્યા તો જન્નતમાં હમેશાં રહેવા જાવ' (૭૩) અને તેઓ કહેશે; 'બધી ખૂબીઓ અલ્લાહને જેણે પોતાનો વાયદો અમારી સાથે સાચો કરી આપ્યો અને અમને આ જમીનના વારસ બનાવ્યા કે અમે જ્યાં ઇચ્છીએ ત્યાં જન્નતમાં રહીએ, તો કામ કરનારાઓનો સવાબ કેટલો સારો[૮૦]' (૭૪) અને તમે ફરિશ્તાઓને જોશો અર્શની આજુ બાજુ વર્તુળ બનાવી પોતાના રબના વખાણ સાથે તેની પવિત્રતા બોલતા. અને લોકો વચ્ચે સત્ય ફેંસલો કરી દેવામાં આવશે[૮૧] અને કહેવામાં આવશે; બધી ખૂબીઓ અલ્લાહને જે સમગ્ર જગતનો રબ (છે)[૮૨] (૭૫)

فمن اظلم ٢٤ الزمر ٣٩

اٰيٰتِ رَبِّكُمْ وَيُنْذِرُوْنَكُمْ لِقَآءَ يَوْمِكُمْ هٰذَا ۚ قَالُوْا
بَلٰى وَلٰكِنْ حَقَّتْ كَلِمَةُ الْعَذَابِ عَلَى الْكٰفِرِيْنَ ﴿٧١﴾
قِيْلَ ادْخُلُوْٓا اَبْوَابَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا ۚ فَبِئْسَ مَثْوَى
الْمُتَكَبِّرِيْنَ ﴿٧٢﴾ وَسِيْقَ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ اِلَى الْجَنَّةِ
زُمَرًا ۗ حَتّٰٓى اِذَا جَآءُوْهَا وَفُتِحَتْ اَبْوَابُهَا وَقَالَ لَهُمْ
خَزَنَتُهَا سَلٰمٌ عَلَيْكُمْ طِبْتُمْ فَادْخُلُوْهَا خٰلِدِيْنَ ﴿٧٣﴾
وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ صَدَقَنَا وَعْدَهٗ وَ
اَوْرَثَنَا الْاَرْضَ نَتَبَوَّاُ مِنَ الْجَنَّةِ حَيْثُ نَشَآءُ ۚ
فَنِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ ﴿٧٤﴾ وَتَرَى الْمَلٰٓئِكَةَ حَآفِّيْنَ
مِنْ حَوْلِ الْعَرْشِ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ ۚ وَقُضِيَ
بَيْنَهُمْ بِالْحَقِّ وَقِيْلَ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٧٥﴾

૭૧. જેઓ રસૂલોએ પૈગામ પહોંચાડી દીધો છે એ બાબતની ગવાહી આપશે.

૭૨. તેનાથી કશું છાનું નથી અને તેને સાક્ષી કે કાતિબની જરૂર પણ નથી એ બધું તો દલીલ સાબિત કરી દેવા માટે હશે (જુમલ)

૭૩. સખ્તાઇથી કેદીઓની જેમ.

૭૪. દરેકે દરેક ટોળું અને જુથ અલગ અલગ.

૭૫. અર્થાત જહન્નમના સાતે દરવાજા ઉઘાડી નાખવામાં આવશે જે પહેલાં વાસેલા હતા.

૭૬. બેશક ! નબીઓ પધાર્યા અને તેમણે અલ્લાહ તઆલાના આદેશો પણ સંભળાવ્યા અને આ દિવસથી પણ ડરાવ્યા.

૭૭. અમારા પર અમારૂં કુભાગ્ય ચઢી બેઠું અને અમે ગુમરાહી ધારણ કરી લીધી અને અલ્લાહના ફરમાન મુજબ જહન્નમમાં ધકેલાયા.

૭૮. માન સન્માન અને મહેરબાની તેમજ કૃપા સહિત.

૭૯. તેમના સ્વાગત અને સન્માન ખાતર. અને જન્નતના દરવાજાઓ આઠ છે. હઝરત અલી કર્રમલ્લાહુ વજહહૂ દ્વારા બયાન થએલું છે કે જન્નતના દરવાજા નજીક એક ઝાડ છે તેની નીચેથી બે નહેરો વહે છે ઇમાનવાળો માણસ ત્યાં પહોંચીને એક નહેરમાં ન્હાશે તેનાથી તેનું શરીર પાક અને સ્વચ્છ થઇ જશે અને બીજી નહેરનું પાણી પીશે તેનાથી તેનું અંતર ચોખ્ખું થઇ જશે પછી ફરિશ્તાઓ જન્નતના દરવાજા પાસે તેનું સ્વાગત કરશે.

سُوْرَةُ الْمُؤْمِنِ مَكِّيَّةٌ وَهِيَ خَمْسٌ وَّثَمَانُوْنَ اٰيَةً وَّتِسْعُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿٢﴾
غَافِرِ الذَّنْۢبِ وَقَابِلِ التَّوْبِ شَدِيْدِ الْعِقَابِ
ذِي الطَّوْلِ لَآ اِلٰهَ اِلَّا هُوَ اِلَيْهِ الْمَصِيْرُ ﴿٣﴾ مَا يُجَادِلُ
فِيْٓ اٰيٰتِ اللّٰهِ اِلَّا الَّذِيْنَ كَفَرُوْا فَلَا يَغْرُرْكَ تَقَلُّبُهُمْ فِي
الْبِلَادِ ﴿٤﴾ كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّالْاَحْزَابُ مِنْۢ
بَعْدِهِمْ وَهَمَّتْ كُلُّ اُمَّةٍۢ بِرَسُوْلِهِمْ لِيَاْخُذُوْهُ
وَجٰدَلُوْا بِالْبَاطِلِ لِيُدْحِضُوْا بِهِ الْحَقَّ فَاَخَذْتُهُمْ
فَكَيْفَ كَانَ عِقَابِ ﴿٥﴾ وَكَذٰلِكَ حَقَّتْ كَلِمَتُ
رَبِّكَ عَلَى الَّذِيْنَ كَفَرُوْٓا اَنَّهُمْ اَصْحٰبُ النَّارِ ﴿٦﴾

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૮૩]**

આ કિતાબ ઉતારવું અલ્લાહ તરફથી છે જે ઇજ્જતવાળો ઇલ્મવાળો (છે) (૨) ગુનાહ માફ કરનાર અને તવબહ કબૂલ કરનાર[૮૪] સખ્ત અઝાબ કરનાર[૮૫] મહાન ઇનામ આપનાર[૮૬]. તેના સિવાય કોઇ મઅબૂદ નથી તેના પ્રતિ જ પાછુ જવાનુ છે[૮૭] (૩) અલ્લાહની આયતોમાં કાફિરો સિવાય (બીજુ કોઇ) ઝગડો કરતું નથી[૮૮] તો અય સાંભળનાર ! શહેરોમાં એમનું રોફભેર ફરવું તને છેતરી જાય નહિ[૮૯] (૪) એમનાથી પહેલાં નૂહની કોમ અને તેમની પાછળના જુથો[૯૦] એ જૂઠાડયું. અને દરેક ઉમ્મતે એવો ઇરાદો કર્યો કે પોતાના રસૂલને પકડી લે[૯૧] અને ખોટી રીતે ઝગડો કરે કે જેનાથી સત્યને મારી હટાવે[૯૨] તો મેં તેમને પકડયા, તો કેવો થયો મારો અઝાબ ?[૯૩] (૫) અને એવી જ તમારા રબની વાત કાફિરો બાબત આલેખાઇ ચુકી છે કે તેઓ દોઝખી છે (૬)

૮૦. અર્થાત અલ્લાહ અને રસૂલની આજ્ઞાઓનું પાલન્ન કરનારાઓનો.

૮૧. કે મુઅમિનોને જન્નતમાં અને કાફિરોને દોઝખમાં દાખલ કરવામાં આવશે.

૮૨. જન્નતીઓ જન્નતમાં ગયા પછી અલ્લાહનો શુકર બજાવી લાવવા માટે અલ્લાહના વખાણ બોલશે.

૮૩. સૂરએ મુઅમિન. એનું નામ સૂરએ ગાફિર પણ છે. આ સૂરત મક્કીય્યહ છે બે આયતો સિવાય જે "અલ્લઝીન યુજાદિલૂન ફી આયાતિલ્લાહ"થી શરૂ થાય છે. આ સૂરતમાં ૯ રૂકૂઅ અને ૮૫ આયતો અને ૧૧૯૯ શબ્દો તેમજ ૪૯૬૦ અક્ષરો છે.

૮૪. ઇમાનવાળાઓની.

૮૫. કાફિરો પર.

૮૬. આરિફોને.

૮૭. બન્દાઓને આખેરતમાં.

૮૮. અર્થાત કુરઆને કરીમમાં ઝગડો કરવો એ કાફિરનું જ કામ છે મુઅમિનનું નથી. અબૂદાવૂદની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; કુરઆનમાં ઝગડો કરવો કુફ્ર છે. ઝઘડો અને જિદાલનો મતલબ અલ્લાહની આયતોમાં વાંધાવચકા કાઢવા અને જૂઠાડવું અને ઇન્કાર કરવું છે અને અઘરી બાબતો (મસાઇલ)ના ઉકેલ માટે અને ગુંચવણોના ઉકેલ ખાતર (એમાં) ઇલ્મી અને નિયમો અંગેની ચર્ચા કરવી એ ઝગડો કે જિદાલ નથી બલ્કે મહાન અનુસરણ છે. કાફિરો કુરઆનમાં એ રીતે ઝગડતા હતા કે કદી એને જાદુ કહેતા કદી શાયરી કહેતા કદી જ્યોતિષવિદ્યા કદી વાર્તાઓ.

ٱلَّذِينَ يَحْمِلُونَ ٱلْعَرْشَ وَمَنْ حَوْلَهُۥ يُسَبِّحُونَ
بِحَمْدِ رَبِّهِمْ وَيُؤْمِنُونَ بِهِۦ وَيَسْتَغْفِرُونَ لِلَّذِينَ
ءَامَنُوا۟ رَبَّنَا وَسِعْتَ كُلَّ شَىْءٍ رَّحْمَةً وَعِلْمًا فَٱغْفِرْ
لِلَّذِينَ تَابُوا۟ وَٱتَّبَعُوا۟ سَبِيلَكَ وَقِهِمْ عَذَابَ ٱلْجَحِيمِ ٧
رَبَّنَا وَأَدْخِلْهُمْ جَنَّـٰتِ عَدْنٍ ٱلَّتِى وَعَدتَّهُمْ
وَمَن صَلَحَ مِنْ ءَابَآئِهِمْ وَأَزْوَٰجِهِمْ وَ
ذُرِّيَّـٰتِهِمْ ۚ إِنَّكَ أَنتَ ٱلْعَزِيزُ ٱلْحَكِيمُ ٨ وَقِهِمُ
ٱلسَّيِّـَٔاتِ ۚ وَمَن تَقِ ٱلسَّيِّـَٔاتِ يَوْمَئِذٍ فَقَدْ
رَحِمْتَهُۥ ۚ وَذَٰلِكَ هُوَ ٱلْفَوْزُ ٱلْعَظِيمُ ٩ إِنَّ ٱلَّذِينَ
كَفَرُوا۟ يُنَادَوْنَ لَمَقْتُ ٱللَّهِ أَكْبَرُ مِن مَّقْتِكُمْ
أَنفُسَكُمْ إِذْ تُدْعَوْنَ إِلَى ٱلْإِيمَـٰنِ فَتَكْفُرُونَ ١٠

તેઓ જે અર્શને ઊંચકે છે[૯૪] અને જેઓ તેની આજુ બાજુ છે[૯૫] (તેઓ) પોતાના રબની તારીફ સાથે તેની પવિત્રતા બોલે છે[૯૬] અને તેના પર ઇમાન લાવે છે[૯૭] અને મુસલમાનોની મગફેરત માંગે છે[૯૮]; અય અમારા રબ ! તારી મહેરબાની અને ઇલ્મમાં દરેક વસ્તુનો સમાવેશ છે[૯૯] તો જેમણે તવબહ કરી અને તારા રસ્તે ચાલ્યા[૧૦૦] તેમને માફ કરી દે અને તેમને દોઝખના અઝાબથી બચાવ (૭) અય અમારા રબ ! અને તેમને રહેવાના બગીચાઓમાં દાખલ કર જેનો તેં એમને વાયદો આપ્યો છે અને તેમનાં બાપદાદા અને પત્નીઓ અને ઔલાદમાંથી જે નેક હોય તેમને[૧૦૧]. બેશક ! તુ જ ઇજ્જત અને હિકમતવાળો છે (૮) અને તેમને ગુનાહોના માઠા પરિણામથી બચાવી લે, અને જેને તું આ દિવસે ગુનાહોના માઠા પરિણામની બચાવે તો બેશક ! તેં તેના પર કૃપા કરી અને એ જ મહાન સફળતા છે (૯) બેશક ! જેમણે કુફ્ર કર્યું તેમને હાક મારવામાં આવશે[૧૦૨] કે; અવશ્ય અલ્લાહની બેઝારી તમારાથી તેના કરતાં વધારે છે જેટલી કે તમારી બેઝારી આજે પોતાના પ્રાણોથી છે, જ્યારે તમે[૧૦૩] ઈમાન તરફ નોંતરવામાં આવતા ત્યારે તમે કુફ્ર કરતા (હતા) (૧૦)

૮૯. અર્થાત કાફિરોનું તંદરૂસ્તી અને સલામતી સાથે દેશ વિદેશમાં વેપાર કરવું અને નફો મેળવવું તમારા માટે કુશંકાનું કારણરૂપ બને નહિ કે તેઓ કુફ્ર જેવો મહા અપરાધ કર્યા પછી પણ અમનચેનમાં છે, કારણ કે તેમનું પરિણામ અપમાન અને અઝાબ છે પહેલાંની ઉમ્મતોમાં પણ આવી પરિસ્થિતિઓ પસાર થઇ ચૂકી છે.

૯૦. આદ, ષમૂદ અને નૂહની કોમ વિગેરે.

૯૧. અને તેમને મારી નાખે.

૯૨. જેને નબીઓ લાવ્યા છે.

૯૩. શું તેમનામાંથી કોઇ એનાથી ઉગરી શકયો ?

૯૪. અર્થાત અર્શ ઊંચકનાર ફરિશ્તાઓ જેઓ નિકટતા ધરાવનાર અને ફરિશ્તાઓમાં અફઝલ અને ઊંચી કક્ષાના છે.

૯૫. અર્થાત તે ફરિશ્તાઓ જે અર્શનો તવાફ કરે છે. તેમને કર્રૂબી કહે છે અને ફરિશ્તાઓમાં તેઓ આગેવાની ધરાવનાર છે.

૯૬. અને સુબ્હાનલ્લાહે વબેહમ્દેહી કહે છે.

૯૭. અને તેના એક હોવાની સત્યતાને ટેકો આપે છે. શહર બિન હુશબે કહ્યું છે કે અર્શને ઊંચકનાર ફરિશ્તાઓ આઠ છે તમનામાં ચારની તસ્બીહ આ છે; "સુબ્હાનકલ્લાહુમ વબિહમ્દિક લકલહમ્દુ અલા હિલ્મિક બઅદ ઇલ્મિક". અને ચારની આ મુજબ છે, "સુબ્હાનકલ્લા હુમ્મ વબિહમ્દિક લકલ હમ્દુ અલા

કહેશે; અય અમારારબ તેં અમને બે વાર મૃત કર્યા અને બે વાર જીવંત કર્યા[104] હવે અમે અમારા ગુન્હા ઓનો એકરાર કર્યો તો (હવે) આગમાંથી નીકળવાનો કોઇ માર્ગ છે ખરો ?[105] (૧૧) આ એટલા માટે થયું કે જ્યારે એક અલ્લાહને પોકારવામાં આવતો ત્યારે તમે કુફ્ર કરતા હતા[106] અને (જ્યારે) તેનો શરીક ઠેરવવામાં આવતો ત્યારે તમે માની જતા હતા.[107] તો હુકમ અલ્લાહનો છે જે બધાંથી ઉચ્ચ મહાન (૧૨) તે જ છે જે તમને પોતાની નિશાનીઓ દેખાડે છે[108] અને તમારા માટે આકાશમાંથી રોજી ઉતારે છે.[109] અને કેન્દ્રિત થનાર સિવાય (અન્ય કોઇ)[110] શિખામણ માનતું નથી[111] (૧૩) તો અલ્લાહની બંદગી કરો નર્યા તેના બન્દા બનીને[112]. ભલે કાફિરોને માઠુ લાગે (૧૪) ઊંચી પદવીઓ આપનાર[113] અર્શનો માલિક ઇમાનનો પ્રાણ પોતાના હુકમથી પોતાના બંદાઓમાંથી જેના પર ઇચ્છે (તેના પર) વહી ઉતારે છે[114] કે (જેથી) તે મુલાકાતના દિવસથી ડરાવે[115] (૧૫) જે દિવસે તેઓ તદ્દન ખુલ્લા પડી જશે[116] અલ્લાહ પર તેમની કોઇ પરિસ્થિતિ છુપી રહેશે નહિ[117]. આજે કોનું રાજ્ય છે ?[118] સર્વોપરી એક જ અલ્લાહનું[119] (૧૬) આજે દરેક જીવ પોતાના કર્મોનો બદલો પામશે[120] આજે કોઇના

فمن اظلم ٢٤ المؤمن ٤٠

قَالُوا رَبَّنَا أَمَتَّنَا اثْنَتَيْنِ وَأَحْيَيْتَنَا اثْنَتَيْنِ فَاعْتَرَفْنَا
بِذُنُوبِنَا فَهَلْ إِلَىٰ خُرُوجٍ مِّن سَبِيلٍ ﴿١١﴾ ذَٰلِكُم
بِأَنَّهُ إِذَا دُعِيَ اللَّهُ وَحْدَهُ كَفَرْتُمْ وَإِن يُشْرَكْ بِهِ
تُؤْمِنُوا فَالْحُكْمُ لِلَّهِ الْعَلِيِّ الْكَبِيرِ ﴿١٢﴾ هُوَ الَّذِي يُرِيكُمْ
آيَاتِهِ وَيُنَزِّلُ لَكُم مِّنَ السَّمَاءِ رِزْقًا وَمَا يَتَذَكَّرُ إِلَّا
مَن يُنِيبُ ﴿١٣﴾ فَادْعُوا اللَّهَ مُخْلِصِينَ لَهُ الدِّينَ
وَلَوْ كَرِهَ الْكَافِرُونَ ﴿١٤﴾ رَفِيعُ الدَّرَجَاتِ ذُو الْعَرْشِ
يُلْقِي الرُّوحَ مِنْ أَمْرِهِ عَلَىٰ مَن يَشَاءُ مِنْ عِبَادِهِ
لِيُنذِرَ يَوْمَ التَّلَاقِ ﴿١٥﴾ يَوْمَ هُم بَارِزُونَ لَا يَخْفَىٰ
عَلَى اللَّهِ مِنْهُمْ شَيْءٌ لِّمَنِ الْمُلْكُ الْيَوْمَ لِلَّهِ الْوَاحِدِ الْقَهَّارِ ﴿١٦﴾
الْيَوْمَ تُجْزَىٰ كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ لَا ظُلْمَ الْيَوْمَ

અફવિ-ક બઅદ કુદરતિક.

૯૮. અને અલ્લાહના દરબારમાં એવી વિનંતી કરે છે કે......

૯૯. અર્થાત તારી મહેરબાની અને તારૂં ઇલ્મ દરેક વસ્તુ કરતાં વિસ્તૃત છે.

ફાયદો :- દુઆ કરતાં પહેલાં અલ્લાહના વખાણ બયાન કર્યા એનાથી જણાયુ કે દુઆના તરીકામાંથી એ છે કે પહેલાં અલ્લાહ તઆલાની તારીફ અને વખાણ બોલવામાં આવે પછી મુરાદ માંગવામાં આવે.

૧૦૦. અર્થાત દીને ઇસ્લામ પર.

૧૦૧. પણ દાખલ કર.

૧૦૨. કયામતના દિવસે જ્યારે કે તેઓ જહન્નમમાં દાખલ કરાશે અને તેમના ગુન્હાઓ તેમને દેખાડવામાં આવશે અને તેઓ અઝાબ દેખશે ત્યારે ફરિશ્તાઓ તેમને કહેશે....

૧૦૩. દુનિયામાં.

૧૦૪. કારણ કે પહેલાં નિર્જીવ વિર્યબિંદુ હતા એ મૃત્યુ પછી તેમને જીવ આપી સજીવન કર્યા પછી ઉમર પૂરી થએથી મૃત્યુ આપ્યું પછી હશ્ર માટે જીવતા કર્યા.

૧૦૫. એનો જવાબ એ હશે કે દોઝખમાંથી નીકળવાનો તમારા માટે કોઇ રસ્તો નથી તમે જે હાલત જે અઝાબમાં છો તેનાથી છુટવાનો કોઇ માર્ગ નથી.

૧૦૬. અર્થાત આ અઝાબ અને એમાં હમેશાં રહેવાનું કારણ તમારી એ વર્તણુંક છે કે જ્યારે અલ્લાહના એક હોવાનું એલાન થતું અને લાઇલાહ ઇલ્લલ્લાહ કહેવામાં આવતું ત્યારે તમે તેને નકારતા

પર જુલમ નહિ થાય બેશક ! અલ્લાહ જલ્દી હિસાબ લેનાર છે (૧૭) અને એમને આ નજીક આવનાર આફતના દિવસથી ડરાવો[૧૨૧] જ્યારે હૃદયો ગળાઓ સુધી આવી જશે[૧૨૨] ચિંતાઓથી ભરેલાં અને જુલ્મીઓનું ન તો કોઇ મિત્ર ન તો કોઇ ભલામણ કરનાર કે જેનું કહેલું માનવામાં આવે[૧૨૩] (૧૮) અલ્લાહ છાની છપટી દ્રષ્ટિ[૧૨૪] ને જાણે છે અને (તેને પણ) જે કંઇ છાતીઓમાં છુપાએલું છે[૧૨૫] (૧૯) અને અલ્લાહ સાચો ફેંસલો ફરમાવે છે. અને તેના સિવાય જેને[૧૨૬] પૂજે છે તેઓ કશો ફેંસલો કરતા નથી[૧૨૭] બેશક ! અલ્લાહ જ સાંભળતો દેખતો છે[૧૨૮] (૨૦) તો શું તેમણે ધરતીમાં સફર કરેલ નથી કે દેખતા કે તેમનાથી આગલાઓનું શું પરિણામ થયું[૧૨૯] ? તેમની તાકાત અને જે નિશાનીઓ (તેઓ) ધરતીમાં મૂકી ગયા[૧૩૦] (તે) આમનાથી વધારે તો અલ્લાહે તેમને તેમના ગુનાહો બદલ પકડયા. અને અલ્લાહથી તેમને કોઇ બચાવનાર થયું નહિ[૧૩૧] (૨૧) આવું એટલા માટે કે તેમની પાસે તેમના રસૂલ સ્પષ્ટ નિશાનીઓ લઇને આવ્યા[૧૩૨] (તેમ છતાં) ફરી તેમણે કુફ્ર કર્યુ તો અલ્લાહે તેમને પકડયા. બેશક ! અલ્લાહ ઝબરદસ્ત સખ્ત અઝાબવાળો છે (૨૨)

فمن اظلم ٢٤ المؤمن ٤٠

إِنَّ اللَّهَ سَرِيعُ الْحِسَابِ ﴿١٧﴾ وَأَنذِرْهُمْ يَوْمَ الْآزِفَةِ
إِذِ الْقُلُوبُ لَدَى الْحَنَاجِرِ كَاظِمِينَ ۚ مَا لِلظَّالِمِينَ
مِنْ حَمِيمٍ وَلَا شَفِيعٍ يُطَاعُ ﴿١٨﴾ يَعْلَمُ خَائِنَةَ الْأَعْيُنِ
وَمَا تُخْفِي الصُّدُورُ ﴿١٩﴾ وَاللَّهُ يَقْضِي بِالْحَقِّ ۖ وَالَّذِينَ
يَدْعُونَ مِن دُونِهِ لَا يَقْضُونَ بِشَيْءٍ ۗ إِنَّ اللَّهَ
هُوَ السَّمِيعُ الْبَصِيرُ ﴿٢٠﴾ أَوَلَمْ يَسِيرُوا فِي الْأَرْضِ
فَيَنظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ كَانُوا مِن
قَبْلِهِمْ ۚ كَانُوا هُمْ أَشَدَّ مِنْهُمْ قُوَّةً وَآثَارًا فِي الْأَرْضِ
فَأَخَذَهُمُ اللَّهُ بِذُنُوبِهِمْ وَمَا كَانَ لَهُم مِّنَ اللَّهِ مِن
وَاقٍ ﴿٢١﴾ ذَٰلِكَ بِأَنَّهُمْ كَانَت تَّأْتِيهِمْ رُسُلُهُم بِالْبَيِّنَاتِ
فَكَفَرُوا فَأَخَذَهُمُ اللَّهُ ۚ إِنَّهُ قَوِيٌّ شَدِيدُ الْعِقَابِ ﴿٢٢﴾

અને કુફ્ર ધારણ કરતા હતા.

૧૦૭. અને એ શિર્કને ટેકો આપતા હતા.

૧૦૮. અર્થાત પોતાના સર્જનની અજબ વસ્તુઓ જે તેની કુદરતની કમાલિયત પ્રતિ નિર્દેશ કરે છે જેમકે હવા, વાદળ, વિજળી વિગેરે.

૧૦૯. વરસાદ વરસાવીને.

૧૧૦. બધી જ બાબતોમાં અલ્લાહ પાક તરફ શિર્કથી તવબહ કરીને.

૧૧૧. અને આ નિશાનીઓ બોધ ગ્રહણ કરતું નથી.

૧૧૨. શિર્કથી વેગળા રહીને.

૧૧૩. નબીઓ વલીઓ અને આલિમોને જન્નતમાં.

૧૧૪. અર્થાત પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને નબુવ્વતનો મરતબો આપે છે અને જેને નબી બનાવે છે તેનું કામ એ હોય છે કે.....

૧૧૫. અર્થાત અલ્લાહની મખ્લૂકને કયામતના દિવસનો ભય સંભળાવે જે દિવસે આકાશવાસીઓ અને પૃથ્વીના રહીશો આગલા અને પાછલા બધા ભેગા થશે તેમજ રૂહો પોતાના શરીરો અને અમલ કરનાર પોતાના અમલોને મળશે.

૧૧૬. કબરોમાંથી નીકળીને અને કોઇ ઇમારત કોઇ પર્વત અને સંતાવાનું બીજું કોઇ સ્થાન કે આડ મળશે નહિ.

અને બેશક ! અમે મૂસાને પોતાની નિશાનીઓ અને સ્પષ્ટ આધાર સાથે મોકલ્યો (૨૩) ફિરઔન અને હામાન અને કારૂન તરફ તો તેઓ બોલ્યા જાદુગર છે મહા જૂઠો[133] પછી જ્યારે તે તેમની સમક્ષ અમારી પાસેથી સત્ય લાવ્યો[134] (ત્યારે) બોલ્યા; 'જે એના પર ઇમાન લાવે તેના દીકરાઓને કતલ કરી નાખો અને સ્ત્રીઓને જીવતી રહેવા દો[135] અને કાફિરોનું પ્રપંચ તો માત્ર ભટકતું ફરતું છે[136] (૨૫) અને ફિરઔન બોલ્યો;[137] 'મને છોડો, હું મૂસાને મારી નાખું[138] અને તે પોતાના રબને પોકારે[139] મને ભય છે કે ક્યાંય તે તમારો ધર્મ બદલી નાખશે[140] અથવા દેશમાં હુલ્લડો મચાવશે'[141] (૨૬) અને મૂસાએ[142] કહ્યું; 'હું તમારા અને મારા રબનો આશરો લઉં છું પ્રત્યેક અભિમાનીથી કે (જે) હિસાબના દિવસ પર ઇમાન લાવતો નથી[143] (૨૭) અને ફિરઔનવાળાઓમાંથી એક મુસલમાન પુરૂષ બોલ્યો જે પોતાના ઇમાનને સંતાડતો હતો; 'શું એક માણસને માત્ર એટલા માટે મારી નાખો છો કે તે એવું કહે છે કે; મારો રબ અલ્લાહ છે. અને બેશક ! તેઓ તમારી પાસે તમારા રબ તરફથી

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَا وَسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٢٣﴾
اِلٰى فِرْعَوْنَ وَهَامٰنَ وَقَارُوْنَ فَقَالُوْا سٰحِرٌ
كَذَّابٌ ﴿٢٤﴾ فَلَمَّا جَآءَهُمْ بِالْحَقِّ مِنْ عِنْدِنَا قَالُوا
اقْتُلُوْٓا اَبْنَآءَ الَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ وَاسْتَحْيُوْا نِسَآءَهُمْ
وَمَا كَيْدُ الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ ﴿٢٥﴾ وَقَالَ فِرْعَوْنُ
ذَرُوْنِيْٓ اَقْتُلْ مُوْسٰى وَلْيَدْعُ رَبَّهٗ اِنِّيْٓ اَخَافُ
اَنْ يُّبَدِّلَ دِيْنَكُمْ اَوْ اَنْ يُّظْهِرَ فِي الْاَرْضِ الْفَسَادَ ﴿٢٦﴾
وَقَالَ مُوْسٰٓى اِنِّيْ عُذْتُ بِرَبِّيْ وَرَبِّكُمْ
مِّنْ كُلِّ مُتَكَبِّرٍ لَّا يُؤْمِنُ بِيَوْمِ الْحِسَابِ ﴿٢٧﴾
وَقَالَ رَجُلٌ مُّؤْمِنٌ مِّنْ اٰلِ فِرْعَوْنَ يَكْتُمُ
اِيْمَانَهٗٓ اَتَقْتُلُوْنَ رَجُلًا اَنْ يَّقُوْلَ رَبِّيَ اللّٰهُ

૧૧૭. ન તો અમલો ન તો વાતો ન તો બીજી કોઇ પરિસ્થિતિ. અને અલ્લાહ તઆલાથી તો કોઇ વસ્તુ કદી પણ છુપી રહી શકતી જ નથી, પરંતુ આ દિવસ એવો હશે કે તે લોકો માટે કોઇ પરદો કે આડ નહિ હોય જેનાથી તેઓ પોતાના ખ્યાલ મુજબ પણ કોઇ વસ્તુ સંતાડી શકે. અને મખ્લૂકના વિનાશ પછી અલ્લાહ તઆલા ફરમાવશે...

૧૧૮. હવે કોઇ જવાબ આપનાર નહિ હોય એટલે પોતે જ ફરમાવશે કે અલ્લાહ વાહિદ કહહારનું રાજ્ય છે. અને એક કથન એવું છે કે કયામતના દિવસે જ્યારે બધા જ આગલા પાછલા ભેગા થશે ત્યારે એક પોકારનાર પોકારશે; આજે કોનું રાજ્ય છે ? મખ્લૂક જવાબ આપશે; અલ્લાહ વાહિદ કહહારનું. જેવું કે આગળ કહેવાય છે.

૧૧૯. મુઅમિન તો આ જવાબ ખૂબ લિજ્જતથી આપશે કારણ કે દુનિયામાં એ જ તેમની માન્યતા હતી, એવું જ કહેતા હતા અને એના કારણે જ તેમને (રૂહાની) મરતબાઓ પ્રાપ્ત થયા હતા. અને કાફિરો અપમાનિત થઇને અને લજ્જાથી ભરાઇને એનો સ્વીકાર કરશે અને દુનિયામાં પોતે નકારનાર હતા એ કારણે ખૂબ શરમ અનુભવશે.

૧૨૦. નેક પોતાની નેકીઓનો અને બદ પોતાની બદીઓનો.

૧૨૧. એનો નિર્દેશ કયામતના દિવસ તરફ છે.

૧૨૨. ભયની અતિશયતાના કારણે બહાર પણ નીકળી શકશે નહિ અને અંદર પોતાના સ્થાને પણ જઇ શકશે નહિ.

૧૨૩. અર્થાત કાફિરો શફાઅતથી વંચિત રહેશે.

૧૨૪. અર્થાત આંખોની બેઇમાની પર સ્ત્રી તરફ તાકવું અને મનાઇ કરેલી બાબતોને જોવી.

૧૨૫. અર્થાત દિલના ભેદ વિગેરે દરેક વસ્તુઓ અલ્લાહની જાણમાં છે.

૧૨૬. અર્થાત જે મૂર્તિઓને મુશરિકો...

૧૨૭. કારણ કે તેઓ ન તો ઇલ્મ ધરાવે છે ન કુદરત. તો તેમને ખુદાની શરીક ઠેરવવી અને તેમની ઇબાદત કરવી એ ખુલ્લું અસત્ય છે.

૧૨૮. પોતાની મખ્લૂકની વાતો અને તેમનાં કાર્યો તેમજ તમામ હાલતોને.

૧૨૯. જેમણે રસૂલોને જૂઠાડયા હતા.

૧૩૦. કિલ્લાઓ અને મહેલાતો અને નહેરો અને હોઝ અને મોટી મોટી ઇમારતો.

૧૩૧. કે જે અલ્લાહના અઝાબથી ઉગારી શકત. બુધ્ધિમાનનું કામ એ હોય છે કે બીજાની હાલત જોઇને બોધ ગ્રહણ કરે, આ યુગના કાફિરો એ હાલત જોઇને કેમ બોધપાઠ લેતા નથી ? કેમ વિચારતા નથી કે આગલી કોમો એમનાથી વધારે તાકાતવાન અને માલદાર તેમજ સત્તાધારી હોવા છતાં આવી બોધ લેવા જોગ રીતે તબાહ કરી નાખવામાં આવી, આવું કેમ થયું ?

૧૩૨. મુઅજિઝાઓ દેખાડતા.

૧૩૩. તેમણે અમારી નિશાનીઓ અને દલીલોને જાદૂ કહ્યું.

૧૩૪. અર્થાત નબી તરીકે અલ્લાહનો સંદેશ લાવ્યા ત્યારે ફિરઔન અને ફિરઔનીઓ.....

૧૩૫. જેથી લોકો હઝરત મૂસા અલયહિસ્સલામના અનુયાયીઓ બનવાથી ખચકાય.

૧૩૬. કશા જ ખપનું નથી તદ્દન નકામુ અને અર્થહિન. પહેલાં પણ ફિરઔનના હુકમથી ફિરઔનીઓ હજારોને કતલ કરી ચૂક્યા હતા. પણ અલ્લાહનો ફેંસલો લાગુ થઇને રહ્યો અને હઝરત મૂસા અલયહિસ્સ-લામને અલ્લાહ તઆલાએ ફિરઔનના ઘરમાં ઉછેર્યા તેની પાસે સેવા કરાવી. જેવી રીતે ફિરઔનીઓનું તે પ્રપંચ ખાલી ગયું. એવી જ રીતે હવે ઇમાનવાળાઓને રોકવા ખાતર ફરી બીજી વાર કતલ શરૂ કરાવવી અર્થહિન છે. હઝરત મૂસા અલયહિસ્સલામના દીનનો પ્રચાર અલ્લાહ પાકને મંજૂર છે, તેને કોણ રોકી શકે છે?

૧૩૭. પોતાના જુથને.

૧૩૮. ફિરઔન જ્યારે કદી હઝરત મૂસા અલયહિસ્સલામને કતલ કરવાનો ઇરાદો કરતો ત્યારે તેની કોમના લોકો તેને એવું કરવા દેતા નહિ અને કહેતા કે; આ તે વ્યક્તિ નથી જેનો તને ભય છે. આ તો એક સામાન્ય જાદુગર છે એને તો આપણે આપણા જાદુથી હરાવી દઇશું અને જો એમને તુ મારી નાખીશ તો જનતા શંકામાં પડી જશે કે તે માણસ સાચો હતો, હક્ક પર હતો, તુ દલીલોથી તેનો મુકાબલો કરી શકયો નહિ અને જવાબ આપી શક્યો નહિ તેથી તેં તેને મારી નાખ્યો..પણ વાસ્તવમાં ફિરઔનનું એવું કહેવું કે; મને છોડી દો હું મૂસાને મારી નાખું એ માત્ર એક ધમકી જ હતી, તેને પોતાને જ એ વાતની ખાત્રી હતી કે આપ અલ્લાહના સાચા નબી છે અને તે જાણતો હતો કે જે મુઅજિઝાઓ આપ લાવ્યા છે તે અલ્લાહની નિશાનીઓ છે, જાદુ નથી. પરંતુ સાથે સાથે એવું પણ સમજતો હતો કે જો તે પોતે આપને કતલ કરવાનો (પાકો) ઇરાદો કરી લેશે તો આપ તેનો વિનાશ કરવામાં ઉતાવળ કરશે એનાથી વધારે સારૂં એ છે કે ચર્ચા વિવાદમાં સમય પસાર કરવામાં આવે, જો ફિરઔન પોતાના દિલમાં આપને સાચા નબી સમજતો ન હોત

وقد جاءكم بالبينت من ربكم وان يك
كاذبا فعليه كذبه وان يك صادقا يصبكم
بعض الذي يعدكم ان الله لا يهدي من هو
مسرف كذاب (٢٨) يقوم لكم الملك اليوم ظهرين
في الارض فمن ينصرنا من باس الله ان
جاءنا قال فرعون ما اريكم الا ما ارى وما
اهديكم الا سبيل الرشاد (٢٩) وقال الذي
امن يقوم اني اخاف عليكم مثل يوم
الاحزاب (٣٠) مثل داب قوم نوح وعاد وثمود و
الذين من بعدهم وما الله يريد ظلما للعباد (٣١)
ويقوم اني اخاف عليكم يوم التناد (٣٢)

સ્પષ્ટ નિશાનીઓ લાવ્યા[144]. અને ધારી લો કે તે ખોટું કહે છે તો તેમના જૂઠ બોલવાનો વબાલ તેમના પર, અને જો તેઓ સાચા હોય તો તમને તે કંઇ આવી પકડશે જેનો તેઓ વાયદો આપે છે[145]. બેશક ! અલ્લાહ માર્ગ દેખાડતો નથી તેને જે હદ ઓળંગનાર મહા જૂઠો હોય[146] (૨૮) અય મારી કોમ ! આજે રાજ્ય તમારૂં છે, આ ધરતીમાં ચઢિયાતા છો[147] પણ અલ્લાહનો અઝાબ જો આપણા પર આવે તો તેનાથી આપણને કોણ બચાવશે ?' ફિરઔન બોલ્યો; 'હું તો તમને તેનું જ માર્ગદર્શન આપુ છું જે મને દેખાય છે[148] અને હું તમને તે જ કહું છું જે ભલાઇનો રસ્તો છે' (૨૯) અને પેલો ઇમાનવાળો બોલ્યો; 'અય મારી કોમ ! મને તમારા માટે[149] આગલા સમુદાયોના દિવસ જેવી બ્હીક છે[150] (૩૦) જેવો કે નિયમ પસાર થઇ ચૂક્યો નૂહની કોમ અને આદ અને ષમૂદ અને તેમના પછી બીજાઓનો[151]. અને અલ્લાહ બંદાઓ પર અત્યાચાર (કરવા) ચાહતો નથી[152] (૩૧) અને અય મારી કોમ ! હું તમારા માટે તે દિવસથી ડરૂં છું જે દિવસ કોલાહલ મચી જશે[153] (૩૨)

અને એવું જાણતો હોત નહિ કે અલ્લાહ તરફનો ટેકો જે આપને પ્રાપ્ત છે તેનો સામનો કરવો અશક્ય છે તો આપને કતલ કરી નાખવામાં જરા પણ પાછીપાની કરત નહિ, કારણ કે તે ઘણો જ અત્યાચારી હત્યાકાંડ મચાવનાર ખુનખાર નિર્દય હતો, જરા જેટલી વાત માટે હજારો ખૂનો કરી નંખાવતો હતો.

૧૩૯. જેનો પોતાને રસૂલ કહે છે જેથી તેનો રબ તેને અમારી પાસેથી બચાવે. ફિરઔનની આ વાત એ બાબતની સાક્ષી આપે છે કે તેના દિલમાં આપનો અને આપની દુઆઓનો ખૌફ પેસી ગએલો હતો તે પોતાના દિલમાં આપનાથી બ્હીતો હતો, જાહેરમાં પોતાની આબરૂ બચાવી રાખવા માટે એવો દેખાવ કરતો હતો કે તે કોમના કહેવાના કારણે હઝરત મૂસા અલયહિસ્સલામને કતલ કરતો નથી.

૧૪૦. અને તમારી પાસેથી ફિરઔન પૂજા અને મૂર્તિપૂજા ત્યજાવી દે.

૧૪૧. ઝગડો ફસાદ અને ખૂનામરકી કરીને.

૧૪૨. ફિરઔનની ધમકીઓ સાંભળ્યા પછી.

૧૪૩. હઝરત મૂસા અલયહિસ્સલામે ફિરઔનની ધમકીઓના ઉતરમાં પોતાના તરફથી મોટાઇ દર્શાવતો એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ બલ્કે અલ્લાહ તઆલાનો આશરો માંગ્યો અને તેના પર વિશ્વાસ જાહેર કર્યો, અલ્લાહની ઓળખ ધરાવનારાઓની એ જ રીત રહી છે અને એટલા ખાતર જ અલ્લાહ તઆલાએ આપને પ્રત્યેક મુસીબતથી બચાવ્યા. આ મુબારક વાક્યોમાં કેવી ઉત્તમ હિદાયતો છે. આપનું એ કહેવું કે; 'હું તમારા અને મારા રબનો આશરો માંગુ છું" એમાં એ બાબત પ્રતિ માર્ગદર્શન છે કે રબ એક જ છે અને એવી શિખામણ પણ છે કે જે તેના આશરે થઇ જાય અને તેનામાં વિશ્વાસ રાખે તો તે તેની મદદ

જે દિવસે પીઠ ફેરવીને ભાગશો[૧૫૪], અલ્લાહથી[૧૫૫] તમને કોઇ ઉગારી લેનાર નથી. અને અલ્લાહ જેને ભટકાવી આપે તેને કોઇ રસ્તો દેખાડનાર નથી (૩૩) અને બેશક ! આથી પહેલાં[૧૫૬] તમારી પાસે યૂસુફ સ્પષ્ટ નિશાનીઓ લઇને આવ્યા તો તમે તેમના લાવેલા બાબત શંકામાં જ રહયા ત્યાં સુધી કે જ્યારે તેમનો સ્વર્ગવાસ થયો (ત્યારે) તમે બોલ્યા; 'હવે અલ્લાહ કદાપી કોઇ રસૂલ મોકલશે નહિ[૧૫૭]' અલ્લાહ આવી રીતે જ ભટકાવે છે તેને જે હદ ઓળંગનાર શંકા કરનાર (હોય) છે[૧૫૮] (૩૪) તેઓ જે અલ્લાહની આયતોમાં ઝગડાઓ કરે છે[૧૫૯] કોઇ પણ જાતના આધાર વગર જે તેમને મળ્યો હોય (તો એ) કેટલી સખત બેઝારીની વાત છે અલ્લાહ પાસે અને ઇમાનવાળાઓ પાસે. અલ્લાહ આમ જ મહોર મારી દે છે અભિમાની બંડખોરના સમગ્ર હ્રદય પર[૧૬૦]' (૩૫) અને ફિરઓન બોલ્યો;[૧૬૧] 'અય હામાન ! મારા માટે ઊંચો મહેલ બનાવ, કદાચ હું રસ્તાઓ સુધી પહોંચી જઉં (૩૬) શેના રસ્તાઓ ? આકાશોના, તો મૂસાના ખુદાને ડોકિયું કરી જોઇ લઉં અને બેશક ! મારી ધારણા મુજબ

فمن اظلم ٢٤ المؤمن ٤٠

يَوْمَ تُوَلُّوْنَ مُدْبِرِيْنَ ۚ مَا لَكُمْ مِّنَ اللّٰهِ مِنْ عَاصِمٍ ۚ
وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ۝ وَلَقَدْ جَآءَكُمْ
يُوْسُفُ مِنْ قَبْلُ بِالْبَيِّنٰتِ فَمَا زِلْتُمْ فِيْ شَكٍّ مِّمَّا
جَآءَكُمْ بِهٖ ۚ حَتّٰۤى اِذَا هَلَكَ قُلْتُمْ لَنْ يَّبْعَثَ اللّٰهُ
مِنْۢ بَعْدِهٖ رَسُوْلًا ۚ كَذٰلِكَ يُضِلُّ اللّٰهُ مَنْ هُوَ
مُسْرِفٌ مُّرْتَابُ ۝ ۨالَّذِيْنَ يُجَادِلُوْنَ فِيْۤ اٰيٰتِ اللّٰهِ
بِغَيْرِ سُلْطٰنٍ اَتٰىهُمْ ۚ كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ وَعِنْدَ
الَّذِيْنَ اٰمَنُوْا ۚ كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى كُلِّ قَلْبِ
مُتَكَبِّرٍ جَبَّارٍ ۝ وَقَالَ فِرْعَوْنُ يٰهَامٰنُ ابْنِ لِيْ
صَرْحًا لَّعَلِّيْۤ اَبْلُغُ الْاَسْبَابَ ۝ اَسْبَابَ السَّمٰوٰتِ
فَاَطَّلِعَ اِلٰۤى اِلٰهِ مُوْسٰى وَاِنِّيْ لَاَظُنُّهٗ كَاذِبًا ؕ

કરે છે અને તેને કોઇ નુકસાન પહોંચાડી શકતું નથી. અને એવી હિદાયત પણ છે કે તેના પર જ ભરોસો રાખવો એ બંદગીની શાન છે. અને 'તમારો રબ' કહેવામાં એ બાબત હિદાયત છે કે જો તમે પણ તેના પર ભરોસો કરો તો તમને પણ સાચો માર્ગ મળે.

૧૪૪. જેનાથી તેમની સચ્ચાઇ એટલે કે નબુવ્વત સાબિત થઇ ગઇ.

૧૪૫. મતલબ એ છે કે બે હાલતોથી ખાલી નથી અથવા તો તેઓ સાચા હશે અથવા જૂઠા હશે. જો જૂઠા હશે તો આવી બાબતોમાં જૂઠું બોલીને તેના વબાલથી બચી શકતા નથી તેઓ વિનાશ પામશે. અને જો સાચા હશે તો જે અઝાબનો તેઓ તમને વાયદો આપે છે તો તેમાંથી કંઇ તો તમને અવશ્ય પકડી જ લેશે. "કઇંક" એટલા માટે કહ્યું કે આપનો વાયદો દુનિયા અને આખેરત બન્ને માટે હતો તેમાંથી દેખીતી રીતે તો દુનિયામાં જ આવવાનો હતો.

૧૪૬. કે જે ખુદા બાબત જૂઠ બોલે.

૧૪૭. અર્થાત મિસરમાં. તો એવું કામ કરો નહિ જેનાથી અલ્લાહનો અઝાબ આવે.

૧૪૮. અર્થાત હઝરત મૂસા અલયહિસ્સલામને કતલ કરવાનું.

૧૪૯. હઝરત મૂસા અલયહિસ્સલામને જૂઠાડવા અને આપની પાછળ પડવાના કારણે.

૧૫૦. જેમણે રસૂલોને જૂઠાડયા.

૧૫૧. જેઓ નબીઓને જૂઠાડતા રહયા અને દરેકનો અલ્લાહના અઝાબે નાશ કર્યો.

૧૫૨. ગુન્હા વગર તેમને અઝાબ કરતો નથી અને વાત પુરવાર કર્યા વગર તેમનો વિનાશ કરતો

وَكَذٰلِكَ زُيِّنَ لِفِرْعَوْنَ سُوْٓءُ عَمَلِهٖ وَصُدَّ عَنِ
السَّبِيْلِ ۭ وَمَا كَيْدُ فِرْعَوْنَ اِلَّا فِيْ تَبَابٍ ﴿۳۷﴾ وَقَالَ
الَّذِيْٓ اٰمَنَ يٰقَوْمِ اتَّبِعُوْنِ اَهْدِكُمْ سَبِيْلَ
الرَّشَادِ ﴿۳۸﴾ يٰقَوْمِ اِنَّمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَا مَتَاعٌ
وَّاِنَّ الْاٰخِرَةَ هِيَ دَارُ الْقَرَارِ ﴿۳۹﴾ مَنْ عَمِلَ سَيِّئَةً
فَلَا يُجْزٰٓى اِلَّا مِثْلَهَا ۚ وَمَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ
اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَاُولٰۗىِٕكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ
يُرْزَقُوْنَ فِيْهَا بِغَيْرِ حِسَابٍ ﴿۴۰﴾ وَيٰقَوْمِ مَا لِيْٓ اَدْعُوْكُمْ
اِلَى النَّجٰوةِ وَتَدْعُوْنَنِيْٓ اِلَى النَّارِ ﴿۴۱﴾ تَدْعُوْنَنِيْ
لِاَكْفُرَ بِاللّٰهِ وَاُشْرِكَ بِهٖ مَا لَيْسَ لِيْ بِهٖ عِلْمٌ ۡ وَّ
اَنَا اَدْعُوْكُمْ اِلَى الْعَزِيْزِ الْغَفَّارِ ﴿۴۲﴾ لَا جَرَمَ اَنَّمَا

તો એ જૂઠો છે[૧૬૨] અને આવી રીતે જ ફિરઔનની દ્રષ્ટિમાં તેનું કુકર્મ[૧૬૩] સારૂં કરીને દેખાડવામાં આવ્યું[૧૬૪] અને તેને માર્ગથી અટકાવવામાં આવ્યો અને ફિરઔનનું પ્રપંચ[૧૬૫] વિનાશ માટે જ હતું (૩૭) અને પેલો ઇમાન-વાળો બોલ્યો; 'અય મારી કોમ ! મને અનુસરો હું તમને ભલાઇનો રસ્તો દેખાડું (૩૮) અય મારી કોમ ! આ દુનિયાનું જીવન તો અમુક વાપરવું જ છે[૧૬૬] અને બેશક ! તે પાછળનું અનંત રહેવાનું ઘર છે[૧૬૭] (૩૯) જે ખરાબ કામ કરે તો તેને તેટલો જ બદલો મળશે અને જે સારૂં કામ કરે પુરૂષ હોય કે સ્ત્રી અને હોય મુસલમાન[૧૬૮] તો તેઓને જન્નતમાં દાખલ કરવામાં આવશે ત્યાં બેહિસાબ રોજી પામશે[૧૬૯] (૪૦) અને અય મારી કોમ ! મને થયું છે શું કે હું તમને બોલાવુ છું નજાત (મોક્ષ) તરફ[૧૭૦] અને તમે મને બોલાવો છો દોઝખ તરફ ?[૧૭૧] (૪૧) મને એ તરફ (એટલા માટે) બોલાવો છો કે (હું) અલ્લાહનો ઇન્કાર કરૂં અને એવાને તેનો શરીક બનાવું જે મારી જાણકારીમાં નથી અને હું તમને તે ઇજ્જતવાળા ખૂબ માફ કરનાર તરફ બોલાવુ છું (૪૨) (તો) આપ

નથી.

૧૫૩. તે કયામતનો દિવસ હશે. કયામતના દિવસને "યવમત્તનાદ" (કોલાહલનો દિવસ) એટલા માટે કહેવામાં આવે છે કે તે દિવસે જાત જાતની બુમો પડતી હશે, દરેક માણસ પોતાના આગેવાન અને દરેક જુથ પોતાના લીડર સાથે ભેગા કરી બોલાવવામાં આવશે. જન્નતી દોઝખીઓને અને દોઝખી જન્નતીઓને પોકારતા હશે. નેકબખ્તી અને બદબખ્તીના પોકાર પડતા હશે કે ફલાણો ખુશનસીબ નીકળ્યો હવે કદી બદનસીબ નહિ થાય અને ફલાણો બદનસીબ નીકળ્યો હવે કદી ખુશનસીબ નહિ બને. અને જે દિવસે મૃત્યુને ઝુબેહ કરી દેવાશે ત્યારે એલાન કરી દેવામાં આવશે; અય જન્નતવાળાઓ ! હવે હમેશાં રહેવાનું કદી મૃત્યુ નહિ આવે અને અય દોઝખવાળાઓ ! હવે હમેશાં રહેવાનું છે મૃત્યુ આવશે નહિ.

૧૫૪. હિસાબ કિતાબની જગ્યાએથી દોઝખ તરફ.

૧૫૫. અર્થાત તેના અઝાબથી.

૧૫૬. અર્થાત હઝરત મૂસા અલયહિસ્સલામથી પહેલાં.

૧૫૭. આ દલીલહિન વાત તમે એટલે કે તમારા પૂર્વજોએ જાતે જ ઉપજાવી કાઢી કે જેથી હઝરત યૂસુફ અલયહિસ્સલામ પછી આવનાર પૈગમ્બરોને જૂઠાડી શકો અને તમે કુફ્ર પર અડેલા રહ્યા હઝરત યૂસુફ અલયહિસ્સલામની નબુવ્વત બાબત શંકા કરતા રહ્યા અને પાછળ આવનાર નબીઓને નકારવા માટે તમે એવો મન્સૂબો ઘડી કાઢયો કે હવે અલ્લાહ કોઇ રસૂલ મોકલશે જ નહિ.

૧૫૮. એવી બાબતોમાં જેના વિષે સ્પષ્ટ દલીલો સાંક્ષી પુરે છે.

મેળે જ પુરવાર થયું કે જેના તરફ (તમે) મને બોલાવો છો[૧૭૨] તેને પોકારવું દુનિયામાં કે આખેરતમાં કશા ખપનું નથી[૧૭૩]. અને આપણું આ પાછું જવાનું અલ્લાહ તરફ જ છે[૧૭૪] અને એ કે હદનું ઉલ્લંઘન કરનારાઓ જ[૧૭૫] દોઝખી છે (૪૩) તો તે સમય જલ્દી આવે છે કે (જ્યારે) તમે જે હું કહી રહ્યો છું તે યાદ કરશો[૧૭૬] અને હું પોતાના કામો અલ્લાહને સોંપુ છું. બેશક ! અલ્લાહ બંદાઓને જુએ છે[૧૭૭] (૪૪) તો અલ્લાહે તેને બચાવી લીધો તેમના પ્રપંચોની બુરાઇઓથી[૧૭૮] અને ફિરઔનવાળાઓને ખરાબ અઝાબે ઘેરી લીધા[૧૭૯] (૪૫) આગ, કે જેની ઉપર સવાર સાંજ મૂકવામાં આવે છે[૧૮૦]. અને જે દિવસે કયામત કાયમ થશે (તે દિવસે) હુકમ થશે; 'ફિરઔનવાળાઓને ખૂબ જ સખત અઝાબમાં દાખલ કરો' (૪૬) અને[૧૮૧] જ્યારે તેઓ આગની અંદર એકબીજા સાથે ઝગડશે ત્યારે (તેમના) અશકતો (તેમનામાં) જે મોટા બનતા હતા તેમને કહેશે; 'અમે તો તમારા તાબે હતા[૧૮૨] તો શું તમે અમારા (ઉપર)થી આગનો અમુક ભાગ ઓછો કરી શકશો?' (૪૭) તેઓ બોલ્યા જે ઘમંડી હતા;[૧૮૩] 'આપણે બધા જ

فمن اظلم ٢٤ — المؤمن ٤٠

تَدْعُوْنَنِيْٓ اِلَيْهِ لَيْسَ لَهٗ دَعْوَةٌ فِي الدُّنْيَا وَلَا
فِي الْاٰخِرَةِ وَاَنَّ مَرَدَّنَآ اِلَى اللّٰهِ وَاَنَّ الْمُسْرِفِيْنَ
هُمْ اَصْحٰبُ النَّارِ ﴿٤٣﴾ فَسَتَذْكُرُوْنَ مَآ اَقُوْلُ لَكُمْ
وَاُفَوِّضُ اَمْرِيْٓ اِلَى اللّٰهِ اِنَّ اللّٰهَ بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿٤٤﴾
فَوَقٰىهُ اللّٰهُ سَيِّاٰتِ مَا مَكَرُوْا وَحَاقَ بِاٰلِ فِرْعَوْنَ
سُوْٓءُ الْعَذَابِ ﴿٤٥﴾ اَلنَّارُ يُعْرَضُوْنَ عَلَيْهَا غُدُوًّا
وَّعَشِيًّا وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ اَدْخِلُوْٓا اٰلَ
فِرْعَوْنَ اَشَدَّ الْعَذَابِ ﴿٤٦﴾ وَاِذْ يَتَحَآجُّوْنَ فِي النَّارِ
فَيَقُوْلُ الضُّعَفٰٓؤُا لِلَّذِيْنَ اسْتَكْبَرُوْٓا اِنَّا كُنَّا لَكُمْ
تَبَعًا فَهَلْ اَنْتُمْ مُّغْنُوْنَ عَنَّا نَصِيْبًا مِّنَ النَّارِ ﴿٤٧﴾
قَالَ الَّذِيْنَ اسْتَكْبَرُوْٓا اِنَّا كُلٌّ فِيْهَآ اِنَّ اللّٰهَ قَدْ

૧૫૯. તેમને જૂઠાડીને.

૧૬૦. કે પછી હિદાયત સ્વીકારવાની કોઇ જગ્યા તેમાં રહેતી નથી.

૧૬૧. પ્રપંચ અને અજ્ઞાનતાના કારણે પોતાના વજીરને.

૧૬૨. અર્થાત મૂસા, મારા સિવાય અન્ય ખુદા માનવામાં. અને ફિરઔને આ વાત પોતાની કોમને ઊંધા પાટા બંધાવવા કહી હતી કારણ કે તે જાણતો હતો કે મઅબૂદે બરહક તો માત્ર અલ્લાહ છે અને તે પોતે તો ફરેબકારીથી પોતાને મઅબૂદ ઠેરવે છે. (આ બનાવનું વર્ણન સૂરએ કસસમાં થઇ ગયું છે.)

૧૬૩. અર્થાત અલ્લાહ તઆલા સાથે શિર્ક કરવું અને તેના રસૂલને જૂઠાડવું.

૧૬૪. અર્થાત શયતાનોએ વસવસા નાખી નાખીને તેની બુરાઇઓ તેની દ્રષ્ટિમાં સારી કરી દેખાડી.

૧૬૫. જે હઝરત મૂસા અલયહિસ્સલામની નિશાનીઓને તોડવા તેણે કર્યું હતું.

૧૬૬. અર્થાત થોડી મુદ્દત માટે નાશ પામનાર ફાયદાઓ છે જે હમેશાં રહેનાર નથી.

૧૬૭. મતલબ એ છે કે દુનિયા નાશવંત છે અને આખેરત અનંત છે અને જે હમેશાં રહેનાર હોય તે સારૂં. ત્યાર પછી નેક કામો અને ખરાબ કામો તેમજ તેમના પરિણામનું બયાન છે.

૧૬૮. કારણ કે આમાલ કબૂલ થવાનો દારોમદાર ઇમાન પર છે.

૧૬૯. આ અલ્લાહ તઆલાની મહાન કૃપા છે.

૧૭૦. જન્નત તરફ, ઇમાન અને આજ્ઞાપાલનની શીખામણ આપીને.

૧૭૧. કુફ્ર અને શિર્ક (કરવાનું) આમંત્રણ આપીને.

આગમાં છીએ,[૧૮૪] બેશક ! અલ્લાહે બંદાઓમાં ચુકાદો આપી દીધો[૧૮૫] (૪૮) અને જેઓ આગમાં છે તેઓ તે (દોઝખના) ચોકિયાતોને બોલ્યા; 'પોતાના રબ પાસે દુઆ કરો કે અમારા માટે એક દિવસ અઝાબનો હળવો કરે'[૧૮૬] (૪૯) તેમણે કહ્યું; 'શું તમારી પાસે તમારા રસૂલ સ્પષ્ટ ચિન્હો લાવતા હતા નહિ?'[૧૮૭] બોલ્યા; 'કેમ નહિ?'[૧૮૮] તો (ચોકિયાતો) બોલ્યા; 'તો પછી તમે જ દુઆ કરો'[૧૮૯] અને કાફિરોની દુઆ તો માત્ર ભટકવા પુરતી જ છે (૫૦) બેશક ! જરૂર અમે અમારા રસૂલોની મદદ કરીશું અને ઇમાનવાળાઓની[૧૯૦], દુનિયાના જીવનમાં અને જે દિવસે સાક્ષીઓ ઉભા થશે (તે દિવસે પણ)[૧૯૧] (૫૧) જે દિવસે જાલિમોને તેમનાં બહાનાં કશા ખપ લાગશે નહિ[૧૯૨] અને તેમના માટે લઅનત છે અને તેમના માટે ખરાબ ઘર[૧૯૩] (૫૨) અને બેશક ! અમે મૂસાને માર્ગદર્શન આપ્યું[૧૯૪] અને બની ઇસરાઇલને કિતાબના વારસદાર બનાવ્યા[૧૯૫] (૫૩) બુધ્ધિમાનોની હિદાયત અને શિખામણ માટે (૫૪) તો અય મહબૂબ ! તમે ધીરજ ધરો[૧૯૬] બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે[૧૯૭]. અને પોતાનાઓના ગુન્હાઓની માફી માંગો[૧૯૮] અને સવાર સાંજ પોતાના રબના વખાણ બોલતાં બોલતાં તેની પવિત્રતા વર્ણવો[૧૯૯] (૫૫)

فمن اظلم ٢٤ المؤمن ٤٠

حَكَمَ بَيْنَ الْعِبَادِ ﴿٤٨﴾ وَقَالَ الَّذِينَ فِي النَّارِ لِخَزَنَةِ
جَهَنَّمَ ادْعُوا رَبَّكُمْ يُخَفِّفْ عَنَّا يَوْمًا مِّنَ الْعَذَابِ ﴿٤٩﴾
قَالُوا أَوَلَمْ تَكُ تَأْتِيكُمْ رُسُلُكُم بِالْبَيِّنَاتِ قَالُوا
بَلَىٰ قَالُوا فَادْعُوا وَمَا دُعَاءُ الْكَافِرِينَ إِلَّا فِي
ضَلَالٍ ﴿٥٠﴾ إِنَّا لَنَنصُرُ رُسُلَنَا وَالَّذِينَ آمَنُوا فِي
الْحَيَاةِ الدُّنْيَا وَيَوْمَ يَقُومُ الْأَشْهَادُ ﴿٥١﴾ يَوْمَ لَا
يَنفَعُ الظَّالِمِينَ مَعْذِرَتُهُمْ وَلَهُمُ اللَّعْنَةُ وَلَهُمْ
سُوءُ الدَّارِ ﴿٥٢﴾ وَلَقَدْ آتَيْنَا مُوسَى الْهُدَىٰ وَأَوْرَثْنَا
بَنِي إِسْرَائِيلَ الْكِتَابَ ﴿٥٣﴾ هُدًى وَذِكْرَىٰ لِأُولِي
الْأَلْبَابِ ﴿٥٤﴾ فَاصْبِرْ إِنَّ وَعْدَ اللَّهِ حَقٌّ وَاسْتَغْفِرْ
لِذَنبِكَ وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ بِالْعَشِيِّ وَالْإِبْكَارِ ﴿٥٥﴾

ركوع

૧૭૨. અર્થાત મૂર્તિઓ તરફ.

૧૭૩. કારણ કે તે નિર્જીવ જડ વસ્તુઓ છે.

૧૭૪. તે જ આપણને (કર્મોનો) બદલો આપશે.

૧૭૫. અર્થાત કાફિરો.

૧૭૬. અર્થાત જ્યારે અઝાબ ઉતરશે ત્યારે તમે મારી શિખામણો યાદ કરશો. પણ તે સમયે યાદ કરવું કશો લાભ આપશે નહિ. આ સાંભળીને તેમણે તે મોઅમિનને ધમકાવ્યો કે જો તુ અમારા ધર્મનો વિરોધ કરીશ તો અમે તારી સાથે ખરાબ રીતે વર્તીશું. ત્યારે તે મોઅમિન બોલ્યો.....

૧૭૭. અને તેમનાં કર્મો તેમજ પરિસ્થિતિઓને જાણે છે. પછી તે મોઅમિન તેમની પાસેથી અલગ થઇને જંગલમાં ચાલ્યો ગયો અને ત્યાં નમાઝમાં મશ્ગૂલ થઇ ગયો. ફિરઔને એક હજાર માણસો તેને ઢુંઢવા મોકલ્યા. અલ્લાહ તઆલાએ માનવભક્ષી પ્રાણીઓ તેની રક્ષા માટે નિયુક્ત કર્યા હતાં જે ફિરઔની તેની પાસે ગયો તેને તે પ્રાણીઓએ ફાડી ખાધો અને જે પાછો ગયો અને ફિરઔનને બધો હેવાલ કહ્યો તેને ફિરઔને ફાંસીના માંચડે ચઢાવી દીધો કે જેથી એની ચર્ચા થાય નહિ.

૧૭૮. અને તેણે મૂસા અલયહિસ્સલામની સાથે રહીને છુટકારો મેળવ્યો, તે ફિરઔનની કોમનો હોવાં છતાં.

૧૭૯. દુનિયાનો અઝાબ તો એ કે તેઓ ફિરઔનની સાથે ડૂબાડી દેવામાં આવ્યા અને આખેરતનો અઝાબ દોઝખ.

૧૮૦. તેમાં દઝાડવામાં આવે છે. હઝરત ઇબ્ને મસઊદ રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું છે કે; ફિરઔનીઓની રૂહો કાળા પક્ષીઓના રૂપમાં દરરોજ બે વખત સવારે અને સાંજે આગમાં મૂકવામાં આવે છે અને તેમને કહેવામાં આવે છે કે; આ આગ તમારૂં સ્થાન છે. કયામત સુધી તેમની સાથે આવું જ કરવામાં આવશે.

**મસઅલો** :- આ આયતથી કબરના અઝાબ બાબત દલીલ કરવામાં આવે છે. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે દરેક મરનાર સ્હામે તેનું સ્થાન સવાર સાંજ રજુ કરવામાં આવે છે. જન્નતી સામે જન્નતનુ અને દોઝખી સ્હામે દોઝખનું અને તેને કહેવામાં આવે છે કે આ તારૂં ઠેકાણું છે કયામતના દિવસે અલ્લાહ તને તેની તરફ ઉઠાડશે.

૧૮૧. અય સૈયિદે અંબિયા (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પોતાની કોમને કાફિરો જહન્નમમાં જે રીતે ઝગડશે તેનો હેવાલ કહી સંભળાવો કે......

૧૮૨. દુનિયામાં અને તમારા કારણે જ કાફિર બન્યા.

૧૮૩. અર્થાત કાફિરોના આગેવાનો (તેમના તાબેદારોને) જવાબ આપશે....

૧૮૪. પ્રત્યેક પોતાની મુસીબતમાં સપડાએલો છે આપણામાંથી કોઇ એકબીજાને સહાય કરી શકતા નથી.

૧૮૫. ઇમાનવાળાઓને તેણે જન્નતમાં પ્રવેશ આપી દીધો અને કાફિરોને જહન્નમમાં. જે થવાનું હતું તે થઇ ચૂક્યું.

૧૮૬. અર્થાત દુનિયાના એક દિવસ જેટલી મુદ્દત સુધી અમારા અઝાબમાં હળવાશ કરવામાં આવે.

૧૮૭. શું તેમણે સ્પષ્ટ મુઅજિઝાઓ દેખાડયા ન હતા ? અર્થાત હવે તમારા માટે કશા પણ બહાનાની ગુંજાઇશ રહી નથી.

૧૮૮. અર્થાત કાફિરો નબીઓની પધરામણી અને પોતે કુફ્ર કરવાનો એકરાર કરશે.

૧૮૯. અમે કાફિરો માટે દુઆ કરીશું નહિ અને તમારૂં પોતે દુઆ કરવું પણ બેકાર છે.

૧૯૦. તેમને વિજય આપીને અને ઝબરદસ્ત દલીલો આપીને અને તેમના દુશ્મનો પાસેથી બદલો લઇને.

૧૯૧. તે દિવસ કયામતનો છે જેમાં ફરિશ્તાઓ રસૂલોની તબ્લીગ અને કાફિરોના જૂઠાડવાની સાક્ષી આપશે.

૧૯૨. અને તેમનું કોઇ પણ બહાનું માનવામાં નહિ આવે.

૧૯૩. અર્થાત જહન્નમ.

૧૯૪. અર્થાત તવરાત અને મુઅજિઝાઓ.

૧૯૫. અર્થાત તવરાતના અથવા તેમના નબીઓ પર ઉતરેલી બધી કિતાબોના.

૧૯૬. પોતાની કોમ તરફથી પહોંચતાં કષ્ટો બદલ.

૧૯૭. તે આપની મદદ કરશે આપના દીનને વિજય આપશે આપના શત્રુઓનો નાશ કરશે. કલ્બીએ કહ્યું છે કે 'સબરની આયત' જિહાદની આયત દ્વારા મન્સૂખ થએલી છે.

૧૯૮. અર્થાત પોતાની ઉમ્મતના. (મદારિક)

૧૯૯. અર્થાત કાયમ અલ્લાહની ઇબાદત કરતા રહો. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા

તેઓ જે અલ્લાહની આયતોમાં ઝગડાઓ કરે છે તેમને મળી હોય એવી કોઇ પણ જાતની સનદ વગર[૨૦૦] (તો) તેમના હ્રદયોમાં તો મોટાઇની એક હવસ સિવાય બીજુ કશું નથી[૨૦૧] જેને તેઓ પામવાના નથી[૨૦૨]. તો તમે અલ્લાહનો આશરો માંગો[૨૦૩] બેશક ! તે જ સાંભળતો દેખતો છે (૫૬) બેશક ! આકાશો અને પૃથ્વીનું સર્જન મનુષ્યોને સર્જવાથી ઘણું મહાન છે[૨૦૪]. પરંતુ ઘણા લોકો જાણતા નથી[૨૦૫] (૫૭) અને આંધળો તેમજ દેખતો સરખા નથી[૨૦૬] અને જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં (તેઓ) અને કુકર્મીઓ (પણ સમકક્ષ નથી)[૨૦૭]. કેટલું ઓછુ વિચારો છો ? (૫૮) બેશક ! કયામત અચુક આવવાની છે એમાં લેશમાત્ર પણ શંકા નથી. પરંતુ ઘણા લોકો ઇમાન લાવતા નથી[૨૦૮] (૫૯) અને તમારા પરવરદિગારે ફરમાવ્યું; 'મારી પાસે દુઆ માંગો હું કબૂલ કરીશ[૨૦૯]. બેશક ! તેઓ જે મારી ઇબાદતથી ઊંચા ખેંચાય છે (તેઓ) નજીકમાં જ અપમાનિત થઇને દોઝખમાં જશે' (૬૦) અલ્લાહ છે જેણે તમારા માટે બનાવી રાત્રી જેથી તેમાં રાહત મેળવો અને આંખો ઉઘાડતો દિવસ



إِنَّ الَّذِينَ يُجَادِلُونَ فِي آيَاتِ اللَّهِ بِغَيْرِ سُلْطَانٍ أَتَاهُمْ
إِنْ فِي صُدُورِهِمْ إِلَّا كِبْرٌ مَا هُمْ بِبَالِغِيهِ فَاسْتَعِذْ
بِاللَّهِ إِنَّهُ هُوَ السَّمِيعُ الْبَصِيرُ ﴿٥٦﴾ لَخَلْقُ السَّمَاوَاتِ
وَالْأَرْضِ أَكْبَرُ مِنْ خَلْقِ النَّاسِ وَلَٰكِنَّ أَكْثَرَ النَّاسِ
لَا يَعْلَمُونَ ﴿٥٧﴾ وَمَا يَسْتَوِي الْأَعْمَىٰ وَالْبَصِيرُ
ع وَالَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ وَلَا الْمُسِيءُ قَلِيلًا
مَا تَتَذَكَّرُونَ ﴿٥٨﴾ إِنَّ السَّاعَةَ لَآتِيَةٌ لَا رَيْبَ
فِيهَا وَلَٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يُؤْمِنُونَ ﴿٥٩﴾ وَقَالَ
رَبُّكُمُ ادْعُونِي أَسْتَجِبْ لَكُمْ إِنَّ الَّذِينَ
يَسْتَكْبِرُونَ عَنْ عِبَادَتِي سَيَدْخُلُونَ جَهَنَّمَ
ع دَاخِرِينَ ﴿٦٠﴾ اللَّهُ الَّذِي جَعَلَ لَكُمُ اللَّيْلَ لِتَسْكُنُوا فِيهِ

અન્હુમાએ ફરમાવ્યું છે કે; એનો નિર્દેશ પાંચે નમાઝો તરફ છે.

૨૦૦. તે ઝગડો કરનારાઓ એટલે કુરેશના કાફિરો.

૨૦૧. અને તેમની એ મોટાઇના કારણે જ તેમણે પૈગમ્બરોને જૂઠાડીને કુફ્ર અખત્યાર કર્યું. કારણ કે કોઇ તેમનાથી ઊંચુ રહે એ તેમને ગમ્યું નહિ અને એટલા માટે જ સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ સાથે અદાવત આદરી માત્ર એવા ખોટા ખ્યાલથી કે જો આપને નબી માની લઇશું તો આપણે ઉમ્મતી અને નાના બનવું પડશે અને ઇચ્છા ધરાવે છે મોટા બનવાની.

૨૦૨. અને મોટાઇ તેમને પ્રાપ્ત થવાની નથી બલ્કે હુઝૂરનો ઇન્કાર અને વિરોધ તેમના માટે અપમાન અને ફજેતીનું કારણ બનશે.

૨૦૩. ઇર્ષાખોરોના પ્રપંચોથી.

૨૦૪. હશ્રમાં જીવંત બની ઉઠવાનો જે લોકો ઇન્કાર કરતા હતા તેમને રદિયો આપવા આ આયત ઉતરી હતી તેમને જડબાતોડ દલીલ આપવામાં આવી કે આકાશ અને પૃથ્વી આટલાં મહાકાય હોવા છતાં તમે એના સર્જન માટે અલ્લાહ તઆલાને શક્તિમાન માનો છો તો પછી માનવીના પુનઃસર્જનને તેની કુદરત માટે શા કારણે કપરૂં સમજો છો?

૨૦૫. ઘણા લોકો'નો મતલબ અહીં કાફિરો છે. અને હશ્રમાં જીવંત થઇ ઉઠવાનો ઇન્કાર કરવાનું કારણ તેમની અજ્ઞાનતા છે કારણ કે તેઓ પૃથ્વી અને આકાશના સર્જન પર (અલ્લાહ) શક્તિમાન છે (એવું સમજતા હોવા છતાં) એને હશ્રમાં ઉઠવા બાબત દલીલ બનાવતા નથી તેથી તેઓ આંધળાની જેમ છે અને

وَالنَّهَارَ مُبْصِرًا ۚ إِنَّ اللَّهَ لَذُو فَضْلٍ عَلَى النَّاسِ
وَلَٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَشْكُرُونَ ﴿٦١﴾ ذَٰلِكُمُ اللَّهُ رَبُّكُمْ
خَالِقُ كُلِّ شَيْءٍ لَا إِلَٰهَ إِلَّا هُوَ ۖ فَأَنَّىٰ تُؤْفَكُونَ ﴿٦٢﴾
كَذَٰلِكَ يُؤْفَكُ الَّذِينَ كَانُوا بِآيَاتِ اللَّهِ يَجْحَدُونَ ﴿٦٣﴾
اللَّهُ الَّذِي جَعَلَ لَكُمُ الْأَرْضَ قَرَارًا وَالسَّمَاءَ بِنَاءً
وَصَوَّرَكُمْ فَأَحْسَنَ صُوَرَكُمْ وَرَزَقَكُمْ مِنَ الطَّيِّبَاتِ ۚ
ذَٰلِكُمُ اللَّهُ رَبُّكُمْ ۖ فَتَبَارَكَ اللَّهُ رَبُّ الْعَالَمِينَ ﴿٦٤﴾ هُوَ
الْحَيُّ لَا إِلَٰهَ إِلَّا هُوَ فَادْعُوهُ مُخْلِصِينَ لَهُ الدِّينَ ۗ
الْحَمْدُ لِلَّهِ رَبِّ الْعَالَمِينَ ﴿٦٥﴾ قُلْ إِنِّي نُهِيتُ أَنْ أَعْبُدَ
الَّذِينَ تَدْعُونَ مِنْ دُونِ اللَّهِ لَمَّا جَاءَنِيَ
الْبَيِّنَاتُ مِنْ رَبِّي وَأُمِرْتُ أَنْ أُسْلِمَ لِرَبِّ الْعَالَمِينَ ﴿٦٦﴾

બનાવ્યો[૨૧૦]. બેશક ! અલ્લાહ લોકો માટે કૃપાળુ છે પરંતુ ઘણા લોકો આભાર માનતા નથી (૬૧) તે છે અલ્લાહ તમારો પાલનહાર પ્રત્યેક વસ્તુનો સર્જક, તેના સિવાય કોઇની ઇબાદત નથી, તો ક્યાં અવળા જાવ છો ?[૨૧૧] (૬૨) જેઓ અલ્લાહની આયતોને નકારે છે[૨૧૨] તેઓ આવી રીતે જ અવળા જાય છે[૨૧૩] (૬૩) અલ્લાહ છે જેણે તમારા માટે પૃથ્વીને રહેઠાણ (લાયક) બનાવી[૨૧૪] અને આકાશને છાપરૂં (બનાવ્યું)[૨૧૫] અને તમારી આકૃતિ બનાવી તો તમારી મુખાકૃતિઓ સારી બનાવી[૨૧૬] અને તમને સ્વચ્છ વસ્તુઓ[૨૧૭] રાજી (રૂપે) આપી, આ છે અલ્લાહ તમારો પાલનહાર. તો મહા બરકતવંત છે અલ્લાહ સર્વ જગતનો પાલનહાર (૬૪) તે જ જીવંત છે[૨૧૮] તેના સિવાય કોઇની બંદગી નથી તો તેને નર્યા તેના જ બંદાઓ બનીને પૂજો. બધી ખૂબીઓ અલ્લાહને જે સર્વજગતનો રબ (૬૫) તમે ફરમાવો; 'મને મનાઇ કરવામાં આવી છે કે હું તેમને પૂજું જેમને તમે અલ્લાહ સિવાય પૂજો છો[૨૧૯] જ્યારે કે મારી પાસે મારા પાલનહાર તરફથી સ્પષ્ટ દલીલો[૨૨૦] આવી ગઇ છે અને મને આદેશ મળ્યો છે કે સર્વ જગતના પાલનહાર સમક્ષ માથું નમાવું (૬૬) તે જ

જેઓ મખ્લૂકના અસ્તિત્વને નિહાળી તેને અલ્લાહની કુદરત માટે દલીલ બનાવે છે તેઓ આંખોવાળાઓની જેમ છે.

૨૦૬. અર્થાત અજ્ઞાન અને જ્ઞાની સમકક્ષ નથી.

૨૦૭. અર્થાત નેક મુઅમિન અને બદકાર એ બન્ને પણ સમક્ષક નથી.

૨૦૮. મૃત્યુ પછી જીવતા કરવામાં આવશે તે વાતને માનતા નથી.

૨૦૯. અલ્લાહ તઆલા બંદાઓની દુઆઓ પોતાની મહેરબાનીઓથી કબૂલ કરે છે અને તે કબૂલ થવા માટે અમુક શરતો છે. પ્રથમ દુઆમાં નિખાલસતા હોવી જોઇએ, બીજું એ કે હૃદય અન્યમાં પરોવાએલું હોવું જોઇએ નહિ, ત્રીજું એ કે તે દુઆ કોઇ મનાઇ કરેલી વસ્તુ માટે હોવી જોઇએ નહિ, ચોથું એ કે અલ્લાહ તઆલાની મહેરબાની પર શ્રધ્ધા હોવી જોઇએ, પાંચમું એ કે ફરિયાદ કરે નહિ કે મેં દુઆ માંગી પણ સ્વીકારવામાં આવી નહિ. જ્યારે આ શરતો અનુસાર દુઆ કરવામાં આવે છે ત્યારે તે કબૂલ થાય છે.

હદીષ શરીફમાં છે કે; દુઆ માંગનારની દુઆ (અવશ્ય) કબૂલ થાય છે, અથવા તો તેની માંગેલી વસ્તુ તેને દુનિયામાં તરત જ આપી દેવામાં આવે છે અથવા તેના માટે આખેરતમાં ભેગું કરાય છે અથવા એના કારણે તેના ગુન્હાઓ માફ કરવામાં આવે છે.

આયતની તફસરીમાં એક કથન એવું પણ છે કે દુઆનો મતલબ ઇબાદત છે અને કુરઆને કરીમમાં દુઆનો શબ્દ ઇબાદતના અર્થમાં ઘણી જગ્યાઓ પર વપરાયો છે, હદીષ શરીફમાં છે અદ્દુઆઓ હુવલ ઇબાદહ (દુઆ એ જ ઇબાદત છે) આ મતલબ અનુસાર આયતનો માયનો એ થશે કે; તમે મારી ઇબાદત

છે જેણે તમને[૨૨૧] માટીથી બનાવ્યા પછી[૨૨૨] પાણીના ટીપાથી[૨૨૩] પછી લોહીના ફોરાથી પછી તમને બાળક (બનાવીને) કાઢે છે પછી તમને તમારી યુવાની સુધી પહોંચવા જીવાડે છે[૨૨૪] પછી એટલા માટે કે તમે વૃધ્ધ બનો, અને તમારામાંથી કોઇ (એ) પહેલાં જ ઉપાડી લેવામાં આવે છે[૨૨૫]. અને એટલા માટે કે તમે એક નક્કી થએલા વાયદા સુધી પહોંચો[૨૨૬] અને એટલા માટે કે (તમે) સમજો[૨૨૭] (૬૭) તે જ છે જે જીવાડે છે અને મૃત્યુ આપે છે પછી જ્યારે કોઇ આદેશ આપે છે ત્યારે તેને એટલું જ કહે છે કે; 'થઇ જા' તો તરત જ તે થઇ જાય છે[૨૨૮] (૬૮) શું તમે તેમને જોયા નહિ જેઓ અલ્લાહની આયતોમાં ઝગડે છે[૨૨૯] (તેઓ) ક્યાં પાછા નાસે છે ?[૨૩૦] (૬૯) તેઓ જેમણે કિતાબને જૂઠાડી[૨૩૧] અને (તેને) જે અમે પોતાના રસૂલો સાથે મોકલ્યું[૨૩૨]. તેઓ નજીકમાં જ જાણી જશે[૨૩૩] (૭૦) જ્યારે કે તેમનાં ગળાઓમાં ફંદાઓ અને સાંકળો હશે (અને)[૨૩૪] ઘસેડાતા હશે (૭૧) ઉકળતા પાણીમાં પછી આગમાં સળગાવવામાં આવશે[૨૩૫] (૭૨) પછી તેમને કહેવામાં આવશે; 'તેઓ ક્યાં ગયા જેમને તમે અલ્લાહના મુકાબલામાં શરીક કહેતા હતા ?'[૨૩૬] (૭૩) કહેશે;

فمن اظلم ۲۴ المؤمن ۴۰

هُوَ الَّذِي خَلَقَكُم مِّن تُرَابٍ ثُمَّ مِن نُّطْفَةٍ ثُمَّ مِنْ
عَلَقَةٍ ثُمَّ يُخْرِجُكُمْ طِفْلًا ثُمَّ لِتَبْلُغُوا أَشُدَّكُمْ ثُمَّ
لِتَكُونُوا شُيُوخًا ۚ وَمِنكُم مَّن يُتَوَفَّىٰ مِن قَبْلُ
وَلِتَبْلُغُوا أَجَلًا مُّسَمًّى وَلَعَلَّكُمْ تَعْقِلُونَ ﴿٦٧﴾ هُوَ
الَّذِي يُحْيِي وَيُمِيتُ ۖ فَإِذَا قَضَىٰ أَمْرًا فَإِنَّمَا يَقُولُ
لَهُ كُن فَيَكُونُ ﴿٦٨﴾ أَلَمْ تَرَ إِلَى الَّذِينَ يُجَادِلُونَ فِي
آيَاتِ اللَّهِ أَنَّىٰ يُصْرَفُونَ ﴿٦٩﴾ الَّذِينَ كَذَّبُوا بِالْكِتَابِ
وَبِمَا أَرْسَلْنَا بِهِ رُسُلَنَا ۖ فَسَوْفَ يَعْلَمُونَ ﴿٧٠﴾
إِذِ الْأَغْلَالُ فِي أَعْنَاقِهِمْ وَالسَّلَاسِلُ يُسْحَبُونَ ﴿٧١﴾
فِي الْحَمِيمِ ثُمَّ فِي النَّارِ يُسْجَرُونَ ﴿٧٢﴾ ثُمَّ قِيلَ لَهُمْ
أَيْنَ مَا كُنتُمْ تُشْرِكُونَ ﴿٧٣﴾ مِن دُونِ اللَّهِ ۖ قَالُوا

કરો હું તમને સવાબ આપીશ.

૨૧૦. કે તેમાં પોતાનાં કામો શાંતિપૂર્વક કરો.

૨૧૧. કે તેને છોડીને મૂર્તિઓની ઇબાદત કરો છો અને તેને માનતા નથી દલીલો રજુ થએલી હોવા છતાં ?

૨૧૨. અને દલીલો રજુ થએલી હોવા છતાં સત્યથી અવળા જાય છે.

૨૧૩. અને એમાં સત્ય શોધક દ્રષ્ટિથી વિચાર કરતા નથી.

૨૧૪. કે તે તમારૂં રહેઠાણ બને જીવન દરમ્યાન અને મૃત્યુ પછી પણ.

૨૧૫. કે તેને ઘુંમટ જેવું ઊંચું બનાવ્યું.

૨૧૬. કે તમને સીધા કદના સરસ મુખાકૃતિવાળા અને યોગ્ય અવયવોધારી બનાવ્યા, પ્રાણીઓ જેવા બનાવ્યા નહિ કે જેથી તમારે ઊંધું થઇને ચાલવું પડે.

૨૧૭. સરસ જમણ અને પીણાઓ.

૨૧૮. કે તેનો અંત અશક્ય છે.

૨૧૯. **શાને નુઝૂલ :-** કાફિરોએ પોતાની નાદાની અને અજ્ઞાનતાના કારણે હુઝૂર સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પોતાનો ખોટો ધર્મ સ્વીકારી લેવાનું આમંત્રણ આપ્યું હતું અને આપને મૂર્તિપૂજાની દરખાસ્ત કરી હતી તે બાબત આ આયતે કરીમા ઉતરી.

૨૨૦. બુધ્ધિ અને વહીની જે તવહીદને સાબિત કરનાર છે.

ضَلُّوا عَنَّا بَل لَّمْ نَكُن نَّدْعُوا مِن قَبْلُ شَيْئًا
كَذَٰلِكَ يُضِلُّ اللَّهُ الْكَافِرِينَ ﴿٧٤﴾ ذَٰلِكُم بِمَا كُنتُمْ
تَفْرَحُونَ فِي الْأَرْضِ بِغَيْرِ الْحَقِّ وَبِمَا كُنتُمْ
تَمْرَحُونَ ﴿٧٥﴾ ادْخُلُوا أَبْوَابَ جَهَنَّمَ خَالِدِينَ فِيهَا
فَبِئْسَ مَثْوَى الْمُتَكَبِّرِينَ ﴿٧٦﴾ فَاصْبِرْ إِنَّ وَعْدَ
اللَّهِ حَقٌّ فَإِمَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِي نَعِدُهُمْ أَوْ
نَتَوَفَّيَنَّكَ فَإِلَيْنَا يُرْجَعُونَ ﴿٧٧﴾ وَلَقَدْ أَرْسَلْنَا
رُسُلًا مِّن قَبْلِكَ مِنْهُم مَّن قَصَصْنَا عَلَيْكَ
وَمِنْهُم مَّن لَّمْ نَقْصُصْ عَلَيْكَ وَمَا كَانَ لِرَسُولٍ
أَن يَأْتِيَ بِآيَةٍ إِلَّا بِإِذْنِ اللَّهِ فَإِذَا جَاءَ أَمْرُ
اللَّهِ قُضِيَ بِالْحَقِّ وَخَسِرَ هُنَالِكَ الْمُبْطِلُونَ ﴿٧٨﴾

'તેઓ તો અમારી પાસેથી છટકી નાઠા[૨૩૭] બલ્કે અમે પહેલાં કશું પૂજતા જ ન હતા[૨૩૮]' અલ્લાહ કાફિરોને આવી રીતે જ ભટકાવી દે છે (૭૪) આ[૨૩૯] તેનો બદલો છે જે તમે ધરતી પર અસત્યથી રાજી રહેતા હતા[૨૪૦] અને તેનો બદલો છે જે તમે અભિમાન કરતા હતા (૭૫) જહન્નમના દરવાજાઓમાં પ્રવેશો તેમાં હમેશાં રહેવા. તો અભિમાનીઓનું ઠેકાણું કેટલું ખરાબ[૨૪૧] (૭૬) તો તમે સબર કરો. બેશક ! અલ્લાહનો વાયદો[૨૪૨] સાચો છે. તો જો અમે તમને જે વસ્તુનો વાયદો આપવામાં આવે છે[૨૪૩] તેમાંથી થોડુંક દેખાડીએ[૨૪૪] અથવા તમને પહેલાં જ વફાત આપીએ (પણ) દરેક પરિસ્થિતિમાં તેમને અમારી તરફ જ પાછુ ફરવાનું (છે)[૨૪૫] (૭૭) અને બેશક ! અમે તમારાથી પહેલાં કેટલાએ રસૂલો મોકલ્યા કે જેમનામાંથી કોઇનો હેવાલ તમને વર્ણવ્યો[૨૪૬] અને કોઇનો હેવાલ નથી વર્ણવ્યો[૨૪૭] અને કોઇ પણ રસૂલને (હક્ક) પહોંચતો નથી કે અલ્લાહના હુકમ વગર કોઇ નિશાની લઇ આવે. પછી જ્યારે અલ્લાહનો હુકમ આવશે[૨૪૮] (ત્યારે) સાચો ફેંસલો કરી આપવામાં આવશે[૨૪૯] અને અસત્યવાળાઓને ત્યાં ખોટ (નડશે) (૭૮) અલ્લાહ છે જેણે તમારા

૨૨૧. અર્થાત તમારા મૂળ અને તમારા પૂર્વજ હઝરત આદમ અલયહિસ્સલામને.

૨૨૨. હઝરત આદમ અલયહિસ્સલામ પછી આપના વંશને.

૨૨૩. અર્થાત વિર્યબિંદુથી.

૨૨૪. અને તમારી તાકાત સંપૂર્ણ થાય.

૨૨૫. અર્થાત વૃધ્ધાવસ્થા અથવા યુવાની સુધી પહોંચતા પહેલાં જ. આવું એટલા માટે કર્યું કે તમે જીવો...

૨૨૬. જીંદગીના મર્યાદિત સમય સુધી.

૨૨૭. તવહીદની દલીલોને અને જેથી ઇમાન લાવો.

૨૨૮. અર્થાત વસ્તુઓનું અસ્તિત્વ તેના ઇરાદાના તાબે છે તેણે ઇરાદો કર્યો કે તરત જ વસ્તુનું અસ્તિત્વ થયું. ન તો કોઇ જાતનું કષ્ટ છે ન મહેનત ન તો કોઇ પદાર્થની જરૂર. આ તેની કુદરતની કમાલિયતનું વર્ણન છે.

૨૨૯. અર્થાત કુરઆન મજીદમાં.

૨૩૦. ઇમાન અને સત્ય ધર્મથી.

૨૩૧. અર્થાત કાફિરો જેમણે કુરઆન મજીદને જૂઠાડયું.

૨૩૨. તેને પણ જૂઠાડયું. અને રસૂલો સાથે જે મોકલ્યું તે યા તો આગલા રસૂલો જે કિતાબો લાવ્યા હતા તે છે અથવા તે સાચા અકીદાઓ જે બધા જ પૈગમ્બરોએ પહોંચાડયા જેવા કે અલ્લાહનું એક હોવું અને

اَللّٰهُ الَّذِیْ جَعَلَ لَكُمُ الْاَنْعَامَ لِتَرْكَبُوْا مِنْهَا
وَمِنْهَا تَاْكُلُوْنَ ﴿۷۹﴾ وَلَكُمْ فِیْهَا مَنَافِعُ وَلِتَبْلُغُوْا عَلَیْهَا
حَاجَةً فِیْ صُدُوْرِكُمْ وَعَلَیْهَا وَعَلَى الْفُلْكِ
تُحْمَلُوْنَ ﴿۸۰﴾ وَیُرِیْكُمْ اٰیٰتِهٖ ۖ فَاَیَّ اٰیٰتِ اللّٰهِ تُنْكِرُوْنَ ﴿۸۱﴾
اَفَلَمْ یَسِیْرُوْا فِی الْاَرْضِ فَیَنْظُرُوْا كَیْفَ كَانَ
عَاقِبَةُ الَّذِیْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَانُوْۤا اَكْثَرَ مِنْهُمْ ع
وَاَشَدَّ قُوَّةً وَّاٰثَارًا فِی الْاَرْضِ فَمَاۤ اَغْنٰى
عَنْهُمْ مَّا كَانُوْا یَكْسِبُوْنَ ﴿۸۲﴾ فَلَمَّا جَآءَتْهُمْ
رُسُلُهُمْ بِالْبَیِّنٰتِ فَرِحُوْا بِمَا عِنْدَهُمْ مِّنَ
الْعِلْمِ وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ یَسْتَهْزِءُوْنَ ﴿۸۳﴾
فَلَمَّا رَاَوْا بَاْسَنَا قَالُوْۤا اٰمَنَّا بِاللّٰهِ وَحْدَهٗ وَ

માટે જાનવરો બનાવ્યાં કે અમુક પર સવારી કરો અને અમુકનું માંસ ખાવ (૭૯) અને તમારા માટે એમનામાં (બીજા) કેટલાએ લાભ છે[૨૫૦] અને એટલા માટે કે તમે તેમની પીઠ પર પોતાની ઇચ્છાઓએ લાધો[૨૫૧]. અને તેમના ઉપર[૨૫૨] અને વહાણો પર[૨૫૩] બેસો છો (૮૦) અને તે તમને પોતાનાં ચિન્હો દેખાડે છે[૨૫૪] તો અલ્લાહની કઇ નિશાનીનો ઇન્કાર કરશો ?[૨૫૫] (૮૧) શું તેમણે પૃથ્વીમાં સફર કરી નથી કે એમનાથી આગલાઓનું કેવું પરિણામ આવ્યું તે દેખત ? તેઓ એમનાથી વધારે હતા[૨૫૬] અને તેમની તાકાત[૨૫૭] અને ધરતીમાં તેમની નિશાનીઓ પણ આમનાથી વધારે (હતી)[૨૫૮] તો તેઓ જે કમાયા તે તેમના શું ખપ લાગ્યું ?[૨૫૯] (૮૨) તો જ્યારે તેમની પાસે તેમના રસૂલો સ્પષ્ટ દલીલો લાવ્યા ત્યારે તેઓ તેમની પાસે જે દુનિયાનું જ્ઞાન હતું તેનાથી ખુશ રહ્યા[૨૬૦]. અને જેની હાંસી ઉડાડતા હતા તે જ તેમના પર અવળું આવી લાગ્યુ[૨૬૧] (૮૩) પછી જ્યારે તેમણે અમારો અઝાબ જોયો ત્યારે બોલ્યા; 'અમે એક અલ્લાહ પર ઇમાન લાવ્યા'

મૃત્યુ પછી જીવતા થઈને ઉઠવું વિગેરે.

૨૩૩. પોતાના જૂઠાડવાનું પરિણામ. ૨૩૪. એ સાંકળો વડે.

૨૩૫. અને તે આગે બહારથી પણ તેમને ઘેરી લીધેલા હશે અને તેમની અંદર પણ ભરાએલી હશે. (અલ્લાહનો આશરો)

૨૩૬. અર્થાત તે મૂર્તિઓ કયાં ગઈ જેમની તમે ઈબાદત કરતા હતા.

૨૩૭. કયાં એ દેખાતો જ નથી.

૨૩૮. મૂર્તિપૂજાનો ઈન્કાર કરશે, પછી મૂર્તિઓને હાજર કરવામાં આવશે અને કાફિરોને કહેવામાં આવશે કે; તમે અને તમારા આ મઅબૂદો બધા જ જહન્નમનું બળતણ છો. અમુક મુફસ્સિરોનું કહેવું છે કે દોઝખીઓનું એ કહેવું કે, અમે પહેલાં કશું પૂજતા જ ન હતા, એનો અર્થ એ છે કે હવે અમોને વિદિત થઈ ગયું કે જેમને અમે પૂજતા હતા તે કશું જ ન હતા કે જેથી તેઓ કાંઈ લાભ કે નુકસાન કરી શકે.

૨૩૯. આ અઝાબ જેમાં તમે ફસાએલા છો.

૨૪૦. અર્થાત શિર્ક, મૂર્તિપૂજા અને હશ્ર માટે ઉઠવાના ઈન્કારથી.

૨૪૧. જેમણે તકબ્બુર કર્યું અને સત્યને સ્વીકાર્યું નહીં.

૨૪૨. કાફિરોને અઝાબ કરવાનો.

૨૪૩. જાત જાતના અઝાબોનો, જેમ કે બદ્રમાં માર્યા જવાનો, જેમ કે એવું જ બન્યું.

૨૪૪. આપની વફાત પહેલાં.

અને તેના જે શરીક કરતા હતા તેમને નકારવા માંડયા[૨૬૨] (૮૪) તો તેમના (તે સમયના) ઇમાને તેમને લાભ આપ્યો નહિ જ્યારે કે તેમણે અમારો અઝાબ જોઇ લીધો અલ્લાહનો નિયમ જે તેના બંદાઓમાં ચાલ્યો આવ્યો[૨૬૩]. અને ત્યાં કાફિરો ખોટમાં રહ્યા[૨૬૪] (૮૫)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૬૫]**

(૧) આ ઉતારેલું છે મહાન રહેમવાળા મહેરબાનનું (૨) એક કિતાબ છે જેની આયતો વિગતવાર વર્ણવવામાં આવી[૨૬૬], અરબી કુરઆન, બુધ્ધિમાનો માટે (૩) ખુશખબર આપતું[૨૬૭] અને ભય સંભળાવતું[૨૬૮]. તો એમનામાં વધુ પડતાઓએ મોઢું ફેરવી લીધું તો (જાણે કે) તેઓ સાંભળતા જ નથી[૨૬૯] (૪) અને બોલ્યા[૨૭૦], 'અમારા હૃદયો ગિલાફમાં છે તે વાતથી જેના તરફ તમે અમને બોલાવો છો[૨૭૧] અને અમારા કાનોમાં ડાટા છે[૨૭૨] અને અમારી અને તમારી વચ્ચે આડ છે[૨૭૩] તો તમે તમારૂં કામ કરો અમે અમારૂં કામ કરીએ છીએ[૨૭૪]' (૫) તમે



كَفَرْنَا بِمَا كُنَّا بِهٖ مُشْرِكِيْنَ ۝ فَلَمْ يَكُ يَنْفَعُهُمْ
اِيْمَانُهُمْ لَمَّا رَاَوْا بَاْسَنَا ؕ سُنَّتَ اللّٰهِ الَّتِيْ قَدْ خَلَتْ
فِيْ عِبَادِهٖ ۚ وَخَسِرَ هُنَالِكَ الْكٰفِرُوْنَ ۝
سُوْرَةُ حٰمٓ السَّجْدَة مَكِّيَّةٌ وَهِيَ اَرْبَعٌ وَّخَمْسُوْنَ اٰيَةً وَّسِتُّ رُكُوْعَاتٍ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
حٰمٓ ۝ تَنْزِيْلٌ مِّنَ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝ كِتٰبٌ فُصِّلَتْ
اٰيٰتُهٗ قُرْاٰنًا عَرَبِيًّا لِّقَوْمٍ يَّعْلَمُوْنَ ۝ بَشِيْرًا
وَّنَذِيْرًا ۚ فَاَعْرَضَ اَكْثَرُهُمْ فَهُمْ لَا
يَسْمَعُوْنَ ۝ وَقَالُوْا قُلُوْبُنَا فِيْۤ اَكِنَّةٍ مِّمَّا
تَدْعُوْنَاۤ اِلَيْهِ وَفِيْۤ اٰذَانِنَا وَقْرٌ وَّمِنْۢ
بَيْنِنَا وَبَيْنِكَ حِجَابٌ فَاعْمَلْ اِنَّنَا عٰمِلُوْنَ ۝

૨૪૫. અને સખ્ત અઝાબમાં સપડાવાનું છે.

૨૪૬. આ કુરઆન શરીફમાં વિગતવાર.

૨૪૭. કુરઆન શરીફમાં ચોખવટ અને વિગતથી. (મિરકાત) અને એ બધા જ પૈગમ્બરોને અલ્લાહ તઆલાએ નિશાનીઓ અને મુઅજિઝાઓ આપ્યા પરંતુ તેમની કોમોએ તેમની સાથે ઝગડાઓ કર્યા અને તેમને જૂઠાડયા પણ એ બાબત તે પૈગમ્બરોએ સબર કરી.

આ વર્ણન દ્વારા હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તસલ્લી આપવાનો હેતુ છે કે જેવો વર્તાવ કોમ તરફથી આપની સાથે થાય છે અને જે કષ્ટો વેઠવાં પડે છે એવી જ બાબતો આગલા પૈગમ્બરો સાથે પણ બની ચૂકેલી છે તેમણે સબર કરી હતી, તમે પણ સબર કરો.

૨૪૮. કાફિરો પર અઝાબ ઉતારવાનો.

૨૪૯. રસૂલો અને તેમને જૂઠાડનારાઓ વચ્ચે.

૨૫૦. તેમનાં દૂધ, ઉન વિગેરે ઉપયોગમાં લાવો છો અને તેમના વંશવેલાથી લાભ ઉઠાવો છો.

૨૫૧. અર્થાત પોતાના પ્રવાસો દરમ્યાન પોતાનો ભારે સરસામાન તેમની પીઠો પર લાદીને એક સ્થળેથી બીજા સ્થળે લઇ જાવ છો.

૨૫૨. જમીન માર્ગના પ્રવાસમાં.

૨૫૩. દરિયાઇ સફરો દરમ્યાન.

૨૫૪. જે તેની કુદરત અને એક હોવા બાબત નિર્દેશ કરે છે.

કહો;[૨૭૫] 'પુરૂષ હોવામાં તો હું તમારી જેવો જ છું'[૨૭૬] મને વહી થાય છે કે તમારો મઅબૂદ એક જ મઅબૂદ છે તો તેની સમક્ષ સીધા રહો[૨૭૭] અને તેની પાસે માફી માંગો[૨૭૮] અને શિર્કવાળાઓ માટે ખરાબી છે (૬) તેઓ જે ઝકાત આપતા નથી[૨૭૯] અને તેઓ આખેરતને નકારનાર છે[૨૮૦] (૭) બેશક ! જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં તેમના માટે અનંત સવાબ છે[૨૮૧]' (૮) તમે ફરમાવો; 'શું તમે લોકો તેનો ઇન્કાર કરો છો જેણે બે દિવસમાં પૃથ્વીનું સર્જન કર્યું ?[૨૮૨] અને (અન્યને) તેની સમકક્ષ ઠેરવો છો ?[૨૮૩] તે છે સારાય જહાનનો રબ[૨૮૪] (૯) અને તેમાં [૨૮૫] તેની ઉપરથી લંગર નાખ્યા[૨૮૬] અને તેમાં બરકત મૂકી[૨૮૭] અને તેમાં રહેનારાઓની રોજી નક્કી કરી, આ બધું થઇને ચાર દિવસમાં[૨૮૮], ખરો ઉત્તર પૂછનારાઓને (૧૦) પછી આકાશનો ઇરાદો કર્યો અને તે ધુમાડો હતું[૨૮૯] તો તેને અને પૃથ્વીને કહ્યું કે; 'બન્ને હાજર થાવ ચાહે ખુશીથી ચાહે નાખુશીથી' બન્નેએ કહ્યું; 'અમે શોખથી હાજર થયાં' (૧૧) તો તેમને બરાબર

حٰمٓ السجدة ٤١ — فمن اظلم ٢٤

قُلْ إِنَّمَا أَنَا بَشَرٌ مِّثْلُكُمْ يُوحَىٰ إِلَيَّ أَنَّمَا إِلَٰهُكُمْ
إِلَٰهٌ وَاحِدٌ فَاسْتَقِيمُوا إِلَيْهِ وَاسْتَغْفِرُوهُ ۗ وَوَيْلٌ
لِّلْمُشْرِكِينَ ٦ الَّذِينَ لَا يُؤْتُونَ الزَّكَاةَ وَهُم
بِالْآخِرَةِ هُمْ كَافِرُونَ ٧ إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا
الصَّالِحَاتِ لَهُمْ أَجْرٌ غَيْرُ مَمْنُونٍ ٨ قُلْ أَئِنَّكُمْ لَتَكْفُرُونَ
بِالَّذِي خَلَقَ الْأَرْضَ فِي يَوْمَيْنِ وَتَجْعَلُونَ لَهُ
أَندَادًا ۚ ذَٰلِكَ رَبُّ الْعَالَمِينَ ٩ وَجَعَلَ فِيهَا رَوَاسِيَ
مِن فَوْقِهَا وَبَارَكَ فِيهَا وَقَدَّرَ فِيهَا أَقْوَاتَهَا فِي
أَرْبَعَةِ أَيَّامٍ سَوَاءً لِّلسَّائِلِينَ ١٠ ثُمَّ اسْتَوَىٰ إِلَى
السَّمَاءِ وَهِيَ دُخَانٌ فَقَالَ لَهَا وَلِلْأَرْضِ ائْتِيَا
طَوْعًا أَوْ كَرْهًا قَالَتَا أَتَيْنَا طَائِعِينَ ١١ فَقَضَاهُنَّ

૨૫૫. અર્થાત એ નિશાનીઓ એટલી સ્પષ્ટ અને ચોખ્ખી છે કે તેને નકારવાની કોઇ ગુંજાઇશ જ નથી.

૨૫૬. સંખ્યા તેમની બહોળી હતી.

૨૫૭. અને શારિરીક તાકાત પણ એમનાથી વધારે હતી.

૨૫૮. અર્થાત તેમના મહેલો અને ઇમારતો વિગેરે.

૨૫૯. અર્થ એ છે કે જો આ લોકો પૃથ્વીમાં પ્રવાસ કરત તો એમને જણાઇ જાત કે નકારનારાઓ અને તેમનું ધન તેમની તાકાત તેમને કશાં જ ખપ લાગ્યાં નહિ.

૨૬૦. અને તેમણે પૈગમ્બરોના ઇલ્મ તરફ ધ્યાન આપ્યું નહિ. તેને શીખવા અને તેનાથી લાભ ઉઠાવવા પ્રેરાયા નહિ બલ્કે તેને તુચ્છ સમજ્યા અને તેની હાંસી ઉડાડી અને પોતાના દુનિયાના જ્ઞાનને જે વાસ્તવમાં અજ્ઞાનતા છે તેને જ પસંદ કરતા રહ્યા.

૨૬૧. અર્થાત અલ્લાહ તઆલાનો અઝાબ.

૨૬૨. અર્થાત તેના સિવાય જે મૂર્તિઓને પૂજતા હતા તેમનાથી બેઝાર બન્યા.

૨૬૩. અને તે એ કે અઝાબ ઉતરતી વેળાનું ઇમાન ફાયદાકારક નથી થતું તે સમયે ઇમાન કબૂલ કરાતું નથી. અને અલ્લાહનો નિયમ એવો પણ છે કે રસૂલોને જૂઠાડનારાઓ પર અઝાબ ઉતારે છે.

૨૬૪. અર્થાત તેમનું નુકસાન અને ખોટ સારી રીતે જાહેર થઇ ગયાં.

૨૬૫. સૂરએ હા-મીમ સિજદહ. એનું નામ સૂરએ 'ફુસ્સિલત' પણ છે અને સૂરએ સિજદહ' તેમજ સૂરએ 'મસાબીહ' પણ એનાં નામો છે. આ સૂરહ મક્કીય્યહ છે. એમાં ૬ રૂકૂઅ ૫૪ આયતો અને ૭૯૬

فمن اظلم ٢٤ | حٰمٓ السجدة ٤١

سَبۡعَ سَمٰوٰتٍ فِیۡ یَوۡمَیۡنِ وَ اَوۡحٰی فِیۡ کُلِّ سَمَآءٍ
اَمۡرَهَا ؕ وَ زَیَّنَّا السَّمَآءَ الدُّنۡیَا بِمَصَابِیۡحَ ٭ۖ وَ
حِفۡظًا ؕ ذٰلِکَ تَقۡدِیۡرُ الۡعَزِیۡزِ الۡعَلِیۡمِ ﴿۱۲﴾ فَاِنۡ
اَعۡرَضُوۡا فَقُلۡ اَنۡذَرۡتُکُمۡ صٰعِقَةً مِّثۡلَ صٰعِقَةِ
عَادٍ وَّ ثَمُوۡدَ ﴿۱۳﴾ اِذۡ جَآءَتۡهُمُ الرُّسُلُ مِنۡۢ بَیۡنِ
اَیۡدِیۡهِمۡ وَ مِنۡ خَلۡفِهِمۡ اَلَّا تَعۡبُدُوۡۤا اِلَّا اللّٰهَ ؕ
قَالُوۡا لَوۡ شَآءَ رَبُّنَا لَاَنۡزَلَ مَلٰٓئِکَةً فَاِنَّا بِمَاۤ
اُرۡسِلۡتُمۡ بِهٖ کٰفِرُوۡنَ ﴿۱۴﴾ فَاَمَّا عَادٌ فَاسۡتَکۡبَرُوۡا فِی
الۡاَرۡضِ بِغَیۡرِ الۡحَقِّ وَ قَالُوۡا مَنۡ اَشَدُّ مِنَّا
قُوَّةً ؕ اَوَ لَمۡ یَرَوۡا اَنَّ اللّٰهَ الَّذِیۡ خَلَقَهُمۡ هُوَ
اَشَدُّ مِنۡهُمۡ قُوَّةً ؕ وَ کَانُوۡا بِاٰیٰتِنَا یَجۡحَدُوۡنَ ﴿۱۵﴾

સાત આકાશો બનાવી દીધાં બે દિવસમાં[૨૯૦]. અને દરેક આકાશમાં તેને લગતા કામોના જ હુકમો મોકલ્યા[૨૯૧]. અને અમે નીચેના આકાશને[૨૯૨] શણગાર્યું[૨૯૩] દીવાઓથી અને ચોકી માટે[૨૯૪]. આ તે ઇજ્જતવાળા ઇલ્મવાળાનું નક્કી કરેલું છે (૧૨) પછી જો તેઓ મોઢું ફેરવે[૨૯૫] તો તમે ફરમાવો; 'હું તમને એક કડાકાથી ડરાવું છું જેવો કડાકો આદ અને ષમૂદ પર આવ્યો હતો'[૨૯૬] (૧૩) જ્યારે રસૂલો તેમની આગળ પાછળ ફરતા હતા[૨૯૭] કે અલ્લાહ સિવાય કોઇને પૂજો નહિ (ત્યારે તેઓ) બોલ્યા;[૨૯૮] 'અમારો રબ ઇચ્છત તો ફરિશ્તા ઉતારત[૨૯૯], તેથી તમે જે કંઇ લઇને મોકલાયા (છો) તેને અમે માનતા નથી[૩૦૦]' (૧૪) તો તેઓ જે આદ હતા તેમણે પૃથ્વીમાં નાહક અભિમાન કર્યું[૩૦૧] અને બોલ્યા; 'અમારાથી વધારે કોની તાકાત?' અને શું તેમને ખબર નથી કે અલ્લાહ જેણે તેઓને બનાવ્યા તે તેમનાથી વધુ તાકાતવાન છે ? અને (તેઓ) અમારી આયતોનો ઇન્કાર કરતા હતા (૧૫) તો

શબ્દો તેમજ ૩૩૫૦ અક્ષરો છે.

૨૬૬. હુકમો દ્રષ્ટાંતો નસીહતો વાયદાઓ અને અઝાબની ખબરો વિગેરે બયાનમાં.

૨૬૭. અલ્લાહ તઆલાના દોસ્તોને સવાબની.

૨૬૮. અલ્લાહ તઆલાના દુશ્મનોને અઝાબનો.

૨૬૯. ધ્યાનપૂર્વક સ્વીકારવા માટે જેવું સાંભળવું જોઇએ તેવું.

૨૭૦. મુશરિકો હઝરત નબીએ કરીમે સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને.

૨૭૧. અમે એને સમજી શકતા જ નથી અર્થાત તવહીદ અને ઇમાનને.

૨૭૨. અમે બહેરાઓ છીએ તમારી વાત અમને સંભળાતી જ નથી. આવું કહેવા પાછળ તેમનો હેતુ એ હતો કે તમે અમારી પાસેથી તવહીદ અને ઇમાન સ્વીકારવાની આશા રાખશો નહિ, અમે કોઇ રીતે પણ માનવાના નથી અને નહિ માનવામાં અમે તે માણસ જેવા છીએ જે સમજતો પણ ન હોય અને સાંભળતો પણ ન હોય.

૨૭૩. અર્થાત દીનની વિરોધ, જેથી અમે તમારી વાત માનીશું નહિ.

૨૭૪. અર્થાત તમે પોતાના ધર્મને વળગેલા રહો અમે પોતાના ધર્મને વળગેલા રહીશું અથવા એવો અર્થ છે કે તમારાથી અમારૂં કામ બગાડવાના જેટલા પ્રયત્નો થઇ શકે તેટલા કરો અમારાથી પણ તમારી વિરૂધ્ધ જે થઇ શકશે તે કરીશું.

૨૭૫. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! નરમાશ જાહેર કરવા ખાતર એ લોકોની

હિદાયત અને માર્ગદર્શન માટે કે.....

૨૭૬. બાહય રૂપમાં. કારણ કે હું દેખાઉં પણ છું અને મારો અવાજ સંભળાય પણ છે અને મારી તમારી વચ્ચે જાહેરમાં કોઇ જાતિય વિરોધાભાસ પણ નથી તો પછી તમારૂં એવું કહેવું કેવી રીતે ખરૂં હોય શકે છે કે; મારી વાત તમારા હૃદયો સુધી પહોંચતી નથી અને તમે મારી વાત સાંભળતા નથી અને મારી તમારી વચ્ચે (એ વાત) આડરૂપ બનેલી છે. મારા બદલે જો કોઇ બિન પુરૂષ જિન અથવા ફરિશ્તો આવત તો તમે કહી શકતા હતા કે તે અમને દેખાતો નથી કે તેને અમે સાંભળી શકતા નથી, તેની વાતને અમે સમજી શકતા નથી, અમારી અને તેની વચ્ચે તો જાતિનો વિરોધાભાસ જ એક મહાન આડ છે. પરંતુ અહીં તો એવું નથી, કારણ કે હું માનવ શિકલમાં પધારેલો છું તેથી તમારે તો મારી સાથે ભળી જવું જોઇએ અને મારી વાતને સમજવાનો અને એનાથી લાભ મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ, કારણ કે મારો મરતબો તો ઘણો ઊંચો છે અને મારી વાત ઘણી ઊંચા પ્રકારની છે એટલા માટે હું તે જ કહું છું જેની મને વહી થાય છે.

**ફાયદો :-** સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું બાહયરૂપને લક્ષમાં રાખી 'હું તમારી જેવો માનવી છું' એવું કહેવું લોકોને હિદાયત તરફ પ્રેરવા અને રહસ્યાનુસાર તેમજ નરમાશ જાહેર કરવા ખાતર હતું અને જે શબ્દો નરમાશ જાહેર કરવા ખાતર હોય છે તે નરમાશ જાહેર કરનારની ઊંચી પદવી પ્રતિ નિર્દેશ કરતા હોય છે, તેમનાથી મરતબામાં ઉતરતા લોકોનું તેમની વિષે તે જ શબ્દો ઉચ્ચારવું અથવા તેમની સાથે સમકક્ષ બનવું એ અદબ વિરૂધ્ધ અને ગુસ્તાખી છે તેથી કોઇ પણ ઉમ્મતી માટે યોગ્ય નથી કે તે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે સમકક્ષ હોવાનો દાવો કરે અને એ પણ સમજી લેવું જોઇએ કે આપની બશરિય્યત (માનવી હોવું) પણ સર્વથી ઉચ્ચ કક્ષાની છે આપણી બશરિય્યતને તેની સાથે કશી નિસ્બત જ નથી.

૨૭૭. તેના પર ઇમાન લાવો તેની આજ્ઞાને અનુસરો અને તેના માર્ગથી વેગળા ખસો નહિ.

૨૭૮. પોતાના અકીદા અને અમલની ખરાબીની.

૨૭૯. ઝકાત નહિ આપવા બદલ ધમકીરૂપે આવું ફરમાવવામાં આવ્યું જેથી જણાય કે ઝકાત ન આપવી એટલું ખરાબ છે કે કુરઆનમાં એને મુશરિકોની આદતોમાં વર્ણવવામાં આવ્યું. અને એનું કારણ એ છે કે માણસને દોલત ખૂબ પ્રિય હોય છે અને તે દોલતને અલ્લાહના માર્ગમાં વાપરી નાખવી એ તેની નિખાલસતા (ઇસ્લામ પર) અટલ હોવાની તેમજ તેની સચ્ચાઇની દલીલ છે. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે અહીં ઝકાતનો માયનો છે અલ્લાહ એક હોવાની માન્યતાનો સ્વીકાર અને લાઇલાહ ઇલ્લલ્લાહ કહેવું. એ રીતે અર્થ એ થશે કે; જેઓ તવહીદનો સ્વીકાર કરીને પોતાના પ્રાણોને શિર્કથી વેગળા રાખતા નથી. કતાદાએ એનો અર્થ એવો કહ્યો છે કે; જે લોકો ઝકાતને વાજિબ સમજતા નથી. એ સિવાય બીજા કથનો પણ છે.

૨૮૦. કે તેઓ મૃત્યુ પછી ઉઠવાને અને આમાલના બદલાને માનતા નથી.

૨૮૧. જે સમાપ્ત થશે નહિ. એવું પણ કહેવામાં આવ્યું છે કે આ આયત બીમાર લોકો લુલા લંગડાઓ અને ઘરડાંઓ વિષે ઉતરી કે જેઓ અમલ કરવા અને આજ્ઞાપાલન કરવા લાયક રહેતા નથી તેમને તંદુરૂસ્તીમાં અમલ કરવા જેટલો જ સવાબ મળશે. બુખારી શરીફની હદીષમાં છે કે; જ્યારે બંદો કોઇ અમલ કરે છે અને પછી સફર અથવા કોઇ બીમારીના કારણે તે અમલ કરી શકતો નથી તો તે જે તંદુરૂસ્તીની હાલતમાં કરતો હતો તેટલો જ સવાબ તેના માટે લખવામાં આવે છે.

૨૮૨. તેની કુદરત આવી સંપૂર્ણ છે અને જો ઇચ્છત તો એક પળથી ઓછા સમયમાં પણ સર્જી શકત.

૨૮૩. અર્થાત શરીક (બનાવો છો ?)

૨૮૪. અને તે જ ઇબાદતને લાયક છે તેના સિવાય કોઇ ઇબાદત પાત્ર નથી, બધું જ તેની મિલ્કત અને સર્જન છે. આના પછી ફરી તેની કુદરતનું વર્ણન કરવામાં આવે છે.

૨૮૫. અર્થાત પૃથ્વીમાં.

૨૮૬. પર્વતોનાં.

૨૮૭. દરિયાઓ નહેરો જાત જાતનાં ઝાડો અને પ્રકાર પ્રકારનાં જાનવરો પેદા કરીને.

૨૮૮. અર્થાત બે દિવસ પૃથ્વીને સર્જવાના અને બે દિવસમાં આ બધું.

૨૮૯. અર્થાત ઊંચે ઉડનારી વરાળ.

૨૯૦. કુલ આ છ દિવસો થયા તેનાં બધાંથી છેલ્લો જુમૂઅહ (શુક્રવાર)નો દિવસ છે.

૨૯૧. ત્યાંના રહીશો માટે ઇબાદતો આજ્ઞા પાલન હુકમો મનાઇ હુકમો વિગેરેના.

૨૯૨. જે પૃથ્વીની નજીક છે.

૨૯૩. અર્થાત ઝળહળતા તારાઓથી.

૨૯૪. (વાતોની) ચોરી કરનાર શયતાનોથી.

૨૯૫. અર્થાત આ મુશરિકો જો આ વર્ણન પછી પણ ઇમાન લાવવાનો ઇન્કાર કરે.....

૨૯૬. અર્થાત તેમના ઉપર જેવો વિનાશક કોપ ઉતર્યો હતો તેવા અઝાબથી.

૨૯૭. અર્થાત આદ અને ષમૂદની કોમોના રસૂલો દરેક બાજુથી આવતા હતા અને તેમને સીધા માર્ગે દોરવા દરેક જાતના પ્રયાસો કરતા હતા અને દરેક રીતે તેમને નસીહત કરતા હતા.

૨૯૮. તેમની કોમના કાફિરો તેમને જવાબ આપતાં.

૨૯૯. તમારા સ્થાને તમે તો અમારી જેવા જ માનવીઓ છો.

૩૦૦. તેમનું આ સંબોધન હઝરત હૂદ અને હઝરત સાલિહ તેમ જ બધા જ નબીઓને હતું જેમણે તેમને ઇમાન લાવવાનું કહ્યું હતું. ઇમામ બગવીએ સઅલબીના હવાલાથી હઝરત જાબિર દ્વારા બયાન કરાએલી હદીષ વર્ણવી છે કે; કુરેશના એક જુથે જેમાં અબૂજહલ વિગેરે પણ હતા એવું ઠરાવ્યું કે કોઇ એવા માણસને જે શાયરી, જ્યોતિષવિદ્યા અને વાતચીતના આટાપાટામાં નિષ્ણાત હોય તેને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે વાતચીત કરવા માટે મોકલવામાં આવે. પછી તેમણે અત્બહ બિન રબીઆને પસંદ કર્યો. અત્બહએ આવીને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું; ' તમે સારા છો કે હાશિમ ? તમે બેહતર છો કે અબ્દુલ મુત્તલિબ ? તમે ઉત્તમ છો કે અબ્દુલ્લાહ ? તમે શા માટે અમારા મઅબૂદોને ખરાબ કહો છો ? શા માટે અમારા બાપ-દાદાઓને ભટકેલા કહો છો ? તમને જો રાજ કરવાનો શોખ હોય તો અમે તમને બાદશાહ માની લઇએ, તમારો ઝંડો લેહરાવી દઇએ, તમને જો સ્ત્રીઓનો શોખ હોય તો કુરેશની દીકરીઓમાંથી જેને આપ પસંદ કરો તેવી દસ યુવતિઓ અમે તમારી સાથે પરણાવીએ, જો ધન દૌલતનો શોખ હોય તો તમને એટલી બધી ભેગી કરી આપીએ જે તમારી પેઢીઓથી પણ પુરી થઇ શકે નહિ.' સય્યિદે આલમ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ તેની આ વાતચીત ચુપચાપ સાંભળતા રહ્યા, જ્યારે અત્બહ પોતાની વાત પુરી કરીને ચુપ થયો ત્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આ જ સૂરહ હા મીમ સિજદહ પઢી સંભળાવી, જ્યારે આપ આ આયત પઢવા લાગ્યા કે 'ફઇન અઅરદુ ફકુલ

فارسلنا عليهم ريحا صرصرا في ايام نحسات
لنذيقهم عذاب الخزي في الحيوة الدنيا
ولعذاب الاخرة اخزى وهم لا ينصرون ﴿١٦﴾ واما
ثمود فهدينهم فاستحبوا العمى على الهدى
فاخذتهم صعقة العذاب الهون بما كانوا
يكسبون ﴿١٧﴾ ونجينا الذين امنوا وكانوا
يتقون ﴿١٨﴾ ويوم يحشر اعداء الله الى النار
فهم يوزعون ﴿١٩﴾ حتى اذا ما جاءوها شهد
عليهم سمعهم وابصارهم وجلودهم
بما كانوا يعملون ﴿٢٠﴾ وقالوا لجلودهم لم
شهدتم علينا قالوا انطقنا الله الذي انطق

**અમે તેમના પર એક વંટોળીયો મોકલ્યો સખત ગર્જનાવાળો[૩૦૨] તેમની કમબખ્તીના દિવસોમાં કે જેથી અમે તેમને ફજેતીનો અઝાબ ચખાડીએ દુનિયાના જીવનમાં, અને બેશક! આખેરતના અઝાબમાં (તો) સર્વથી વધીને ફજેતી છે, અને તેમની મદદ થશે નહિ (૧૬) અને રહ્યા ષમૂદ ! (તો) તેમને અમે માર્ગ દેખાડયો[૩૦૩]. તો તેમણે દ્રષ્ટિ કરતાં આંધળા થવાને (વધારે) પસંદ કર્યું[૩૦૪], તો તેઓને અપમાનના અઝાબની ગર્જના એ ભરખી લીધા[૩૦૫], સજા તેમનાં કર્મોની[૩૦૬] (૧૭) અને જેઓ ઇમાન લાવ્યા[૩૦૭] અને ડરતા હતા[૩૦૮] તેમને અમે[૩૦૯] બચાવી લીધા (૧૮) અને જે દિવસે અલ્લાહના દુશ્મનો[૩૧૦] આગ તરફ હાંકવામાં આવશે ત્યારે તેમના આગલાઓને પાછલાઓ આવતાં સુધી રોકી લેવામાં આવશે[૩૧૧] (૧૯) એટલે સુધી કે જ્યારે ત્યાં પહોંચશે (ત્યારે) તેમના કાન અને તેમની આંખો અને તેમના ચહેરાઓ એ તમામ તેમના વિરૂધ્ધ તેમનાં કર્મોની સાક્ષી આપશે[૩૧૨] (૨૦) અને તેઓ પોતાની ચામડીને કહેશે; 'તમે અમારી વિરૂધ્ધ શા માટે સાક્ષી આપી ?' તે કહેશે; 'અમને અલ્લાહે બોલવાનું કહ્યું જેણે**

અન્ઝર તુકુમ...... (પછી જો તેઓ મોઢું ફેરવે તો તમે ફરમાવો; હું તમને એક એવા કડાકાથી ડરાવું છું જેવો કડાકો આદ અને ષમૂદ પર આવ્યો હતો). ત્યારે અત્બહએ જલ્દી જલ્દી પોતાનો હાથ હુઝૂરના મુખ મુબારક પર ઢાંકી દીધો અને આપને સગાઇ સંબંધોના વાસ્તા આપીને સોગંદ આપ્યા અને બ્હીને પોતાના ઘર ભેગો થઇ ગયો. જ્યારે કુરેશીઓ તેના ઘરે ગયા ત્યારે તેણે આખો બનાવ વર્ણવીને કહ્યું; 'ખુદાની કસમ ! મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) જે કંઇ બોલે છે તે ન તો શાયરી છે ન જાદુ ન તો જ્યોતિષ શાસ્ત્ર. હું એ વસ્તુઓને સારી રીતે ઓળખું છું, મેં તેમનું કલામ સાંભળ્યું જ્યારે તેઓ 'ફઇન અઅ્રઝૂ' વાળી આયત બોલ્યા ત્યારે મેં તેમના મોઢે હાથ દઇ દીધો અને તેમને સોગંદ આપ્યા કે બસ કરે, અને તમે તો જાણો જ છો કે તેઓ જે કંઇ બોલે છે તે થઇ જાય છે, તેમની વાત કદી જૂઠી નથી હોતી, મને ભય લાગ્યો કે ક્યાંક તમારા ઉપર અઝાબ ઉતરવા માંડે નહિ.

૩૦૧. આદ કોમના લોકો ખૂબ તાકાતવાન અને જોરાવર હતા. જ્યારે હૂદ અલયહિસ્સલામે તેમને અલ્લાહના અઝાબથી ડરાવ્યા ત્યારે તેમણે કહ્યું કે; અમે અમારી તાકાત વડે અઝાબને ટાળી દઇશું.

૩૦૨. વરસાદ વગરનો ખૂબજ ઠંડો.

૩૦૩. નેકી અને બદીના માર્ગો તેમની સામે સ્પષ્ટ કરી દીધા.

૩૦૪. અને ઇમાન ત્યજીને કુફ્ર પકડયું.

૩૦૫. અને ભયંકર અવાજના અઝાબ વડે તેમનો નાશ કરવામાં આવ્યો.

૩૦૬. અર્થાત તેમના શિર્ક તેમજ પૈગમ્બરને જૂઠાડવા અને ગુન્હાઓની.

كُلَّ شَيْءٍ وَّهُوَ خَلَقَكُمْ اَوَّلَ مَرَّةٍ وَّاِلَيْهِ تُرْجَعُوْنَ ۝٢١
وَمَا كُنْتُمْ تَسْتَتِرُوْنَ اَنْ يَّشْهَدَ عَلَيْكُمْ
سَمْعُكُمْ وَلَآ اَبْصَارُكُمْ وَلَا جُلُوْدُكُمْ وَلٰكِنْ
ظَنَنْتُمْ اَنَّ اللّٰهَ لَا يَعْلَمُ كَثِيْرًا مِّمَّا تَعْمَلُوْنَ ۝٢٢
وَذٰلِكُمْ ظَنُّكُمُ الَّذِيْ ظَنَنْتُمْ بِرَبِّكُمْ اَرْدٰىكُمْ
فَاَصْبَحْتُمْ مِّنَ الْخٰسِرِيْنَ ۝٢٣ فَاِنْ يَّصْبِرُوْا
فَالنَّارُ مَثْوًى لَّهُمْ وَاِنْ يَّسْتَعْتِبُوْا فَمَا هُمْ
مِّنَ الْمُعْتَبِيْنَ ۝٢٤ وَقَيَّضْنَا لَهُمْ قُرَنَآءَ فَزَيَّنُوْا
لَهُمْ مَّا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ وَحَقَّ
عَلَيْهِمُ الْقَوْلُ فِيْٓ اُمَمٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِمْ
مِّنَ الْجِنِّ وَالْاِنْسِ اِنَّهُمْ كَانُوْا خٰسِرِيْنَ ۝٢٥ وَقَالَ

દરેક વસ્તુને વાચા આપી અને તેણે તમને પ્રથમવાર બનાવ્યા અને તેની તરફ જ તમારે પરત થવાનું છે (૨૧) અને તમે[૩૧૩] તેનાથી સંતાઇને ક્યાં જઇ શકવાના હતા ? કે તમારી વિરૂધ્ધ તો તમારા કાન અને તમારી આંખો અને તમારી ચામડીઓ[૩૧૪] સાક્ષી આપે (છે), પરંતુ તમે તો એવું સમજી બેઠા હતા કે અલ્લાહ તમારાં ઘણા કામો જાણતો નથી[૩૧૫] (૨૨) અને આ છે તમારો તે ખ્યાલ જે તમે અલ્લાહ સાથે બાંધ્યો, અને તેણે તમને હલાક કરી નાખ્યા[૩૧૬] તો હવે પરાજિત થએલાઓમાં રહી ગયા' (૨૩) પછી જો તેઓ સબર કરે[૩૧૭] (તો પણ) આગ (જ) તેમનું ઠેકાણું છે,[૩૧૮] અને જો તેઓ મનાવવા ઇચ્છે તો કોઇ તેમનું મનાવવું માને નહિ[૩૧૯] (૨૪) અને અમે તેમના ઉપર અમુક સાથીદારો નિયુક્ત કર્યા[૩૨૦] તેમણે જે તેમની આગળ[૩૨૧] પાછળ[૩૨૨] છે તે બધું તેમની સમક્ષ રૂપાળુ કરી દેખાડયું, અને તેમના માટે વાત પુરી થઇ ચૂકી[૩૨૩] તે જુથોનાં સંગાથે જે તેમનાથી આગળ પસાર થઇ ગયાં જિન્નાત અને માનવીઓનાં, બેશક ! તેઓ ગુન્હાખોર હતા (૨૫) અને કાફિરો બોલ્યા;[૩૨૪] 'આ

૩૦૭. હઝરત સાલિહ અલયહિસ્સલામ પર.

૩૦૮. શિર્ક તેમજ ગુન્હાહિત કાર્યોથી.

૩૦૯. ભયંકર અવાજના એ અપમાનિત કરનાર અઝાબમાંથી.....

૩૧૦. અર્થાત આગલા પાછલા કાફિરો.

૩૧૧. પછી બધાંને દોઝખમાં હાંકી મૂકવામાં આવશે.

૩૧૨. શરીરના અવયવો અલ્લાહના હુકમથી બોલી ઉઠશે અને જે જે કામો તેમણે કર્યાં હશે તે બધાં કહી દેશે.

૩૧૩. ગુન્હાઓ કરતી વખતે.

૩૧૪. તમને તો એ વાતનો ખ્યાલ પણ હતો નહિ બલ્કે તમે તો કયામતમાં ઉઠવાને અને જઝા સઝાને તદ્દન માનતા જ ન હતા.

૩૧૫. જે તમે સંતાડીને કરો છો. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; કાફિરો એવું કહેતા હતા કે અલ્લાહ બાહય બાબતોને જાણે છે પણ જે આપણા હ્રદયોમાં છે તેને જાણતો નથી, મુઆઝલ્લાહ.

૩૧૬. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે એનો અર્થ એ છે કે તમને જહન્નમમાં ફેંકી દીધા.

૩૧૭. અઝાબ બાબત.

الذين كفروا لا تسمعوا لهذا القرآن والغوا
فيه لعلكم تغلبون ﴿٢٦﴾ فلنذيقن الذين كفروا
عذابا شديدا ولنجزينهم أسوأ الذي كانوا يعملون ﴿٢٧﴾
ذلك جزاء أعداء الله النار لهم فيها دار الخلد
جزاء بما كانوا بآياتنا يجحدون ﴿٢٨﴾ وقال الذين كفروا
ربنا أرنا الذين أضلانا من الجن والإنس نجعلهما
تحت أقدامنا ليكونا من الأسفلين ﴿٢٩﴾ إن
الذين قالوا ربنا الله ثم استقاموا تتنزل
عليهم الملائكة ألا تخافوا ولا تحزنوا وأبشروا
بالجنة التي كنتم توعدون ﴿٣٠﴾ نحن أولياؤكم في
الحيوة الدنيا وفي الآخرة ولكم فيها ما تشتهي

કુરઆન સાંભળો નહિ અને એમાં બેહૂદો ઘોંઘાટ કરો[૩૨૫] કદાચ એ રીતે જ તમે જીતો[૩૨૬]' (૨૬) તો બેશક ! જરૂર અમે કાફિરોને સખ્ત અઝાબ ચખાડીશું અને બેશક ! અમે તેમનાં ખરાબ ખરાબ કામોનો તેમને બદલો આપીશું[૩૨૭] (૨૭) આ છે અલ્લાહના દુશ્મનોનો બદલો, આગ. એમાં તેમને હમેશાં રહેવાનું છે, અમારી આયતોનો જે ઇન્કાર કરતા હતા તેની સજા (૨૮) અને કાફિરો બોલ્યા;[૩૨૮] 'અય અમારા રબ ! તે બન્ને-જિન્નાત અને માનવીઓ અમને દેખાડ જેમણે અમને ભટકાવી દીધા[૩૨૯] કે જેથી અમે તેમને અમારા પગોની નીચે રગદોળીએ[૩૩૦] જેથી તેઓ નીચેથી પણ નીચે રહે[૩૩૧] (૨૯) બેશક ! જેમણે કહ્યું; 'અમારો રબ અલ્લાહ છે પછી તેના પર અટલ રહ્યા[૩૩૨] તેમના પર ફરિશ્તાઓ ઉતરે છે[૩૩૩] કે બ્હીશો નહિ[૩૩૪] અને ચિંતા કરશો નહિ[૩૩૫] અને ખુશ થાઓ તે જન્નતથી જેનો તમને વાયદો આપવામાં આવતો હતો[૩૩૬] (૩૦) અમે તમારા મિત્રો છીએ દુનિયાના જીવનમાં[૩૩૭] અને આખેરતમાં[૩૩૮] અને તમારા માટે એમાં[૩૩૯]

૩૧૮. (કારણ કે) એ સબર પણ ઉપયોગી નથી.

૩૧૯. અર્થાત ગમે તેટલા કાલાવાલા કરે તો પણ અલ્લાહ તેમનાથી રાજી થશે નહિ, કોઇ રીતે અઝાબમાંથી છુટકારો થશે નહિ.

૩૨૦. શયતાનોમાંથી.

૩૨૧. અર્થાત દુનિયાનો શણગાર અને મનેચ્છાઓના પગલે ચાલવું.

૩૨૨. અર્થાત આખેરતની વાત, એવો વસવસો નાંખીને કે મૃત્યુ પછી ઉઠવાનુ નથી, નથી તો હિસાબ આપવાનો, રાહત જ રાહત છે.

૩૨૩. અઝાબની.

૩૨૪. અર્થાત કુરૈશના મુશરિકો.

૩૨૫. અને શોરબકોર મચાવો. કાફિરો એકબીજાને કહેતા હતા કે; જ્યારે મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) કુરઆન (શરીફ) પઢે ત્યારે જોર જોરથી બુમબરાડા કરો અને ખૂબ ઘોંઘાટ મચાવો, ઊંચેથી બરાડીને અવાજ કાઢો, અર્થહિન શબ્દો બોલીને શોરબકોર કરો, તાળીઓ પાડો, સીટીઓ વગાડો, જેથી કોઇ કુરઆન શરીફ સાંભળવા પામે નહિ અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પરેશાન થાય.

૩૨૬. અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પઢવાનું બંધ કરી દે.

૩૨૭. અર્થાત કુફ્રનો બદલો સખ્ત અઝાબ.

૩૨૮. જહન્નમમાં.

انفسكم ولكم فيها ما تدعون ﴿٣١﴾ نزلا من
غفور رحيم ﴿٣٢﴾ ومن احسن قولا ممن دعا
الى الله وعمل صالحا وقال انني من المسلمين ﴿٣٣﴾
ولا تستوي الحسنة ولا السيئة ادفع بالتي
هي احسن فاذا الذي بينك وبينه عداوة
كانه ولي حميم ﴿٣٤﴾ وما يلقاها الا الذين صبروا
وما يلقاها الا ذو حظ عظيم ﴿٣٥﴾ واما ينزغنك
من الشيطن نزغ فاستعذ بالله انه هو السميع
العليم ﴿٣٦﴾ ومن ايته اليل والنهار والشمس
والقمر لا تسجدوا للشمس ولا للقمر واسجدوا
لله الذي خلقهن ان كنتم اياه تعبدون ﴿٣٧﴾

જે તમારો જીવ ઇચ્છે તે છે અને તમારા માટે એમાં જે માંગો (તે હાજર છે) (૩૧) માફ કરનાર મહેરબાન તરફથી મેહમાની (રૂપે) (૩૨) અને તેના કરતાં કોની વાત ઉત્તમ જે અલ્લાહ તરફ બોલાવે[૩૪૦] અને નેકી કરે[૩૪૧] અને (એવું) કહે કે હું મુસલમાન છું[૩૪૨] ? (૩૩) અને નેકી તેમજ બદી સમકક્ષ નહિ થઇ જાય. અય સાંભળનાર અનિષ્ટને સદાચાર વડે ટાળ[૩૪૩], તો તરત જ તે કે જેની અને તારી વચ્ચે શત્રુતા હતી તે એવો બની જશે જાણે કે ગાઢ મિત્ર[૩૪૪] (૩૪) અને સબર કરનારાઓ સિવાય (અન્યને) એ દોલત[૩૪૫] પ્રાપ્ત થતી નથી અને જે મહા ભાગ્યવાન હોય તે જ એને મેળવે છે (૩૫) અને જો તને શયતાનની કોઇ ચૂંટી લાધે[૩૪૬] તો અલ્લાહનો આશરો માંગ[૩૪૭] બેશક ! તે જ સાંભળતો જાણતો છે (૩૬) અને રાત્રી તેમજ દિવસ તેની નિશાનીઓમાંથી છે અને સૂર્ય તેમજ ચંદ્ર (પણ)[૩૪૮]. (તો) સૂર્ય અને ચંદ્રને સિજદો કરો નહિ [૩૪૯] અને અલ્લાહને સિજદો કરો જેણે એમનું સર્જન કર્યું[૩૫૦] જો તમે તેના બંદાઓ હોય તો (૩૭) તો અગર

૩૨૯. અર્થાત અમને તે બન્ને જાતના શયતાનો દેખાડ જિન્નાતમાંના અને માનવીઓમાંના. શયતાનો બે પ્રકારના હોય છે જિન્નાતોમાંથીઅને માનવીઓમાંથી. જેવું કે કુરઆન શરીફમાં છે 'શયાતીન લ ઇન્સે વલ જિન્ન'. જહન્નમમાં કાફિરો એ બન્નેને જોવાની ઇચ્છા દર્શાવશે.

૩૩૦. આગમાં.

૩૩૧. દરકે અસ્ફલમાં અમારાથી વધુ સખત અઝાબમાં.

૩૩૨. હઝરત સિદ્દીકે અકબર રદીયલ્લાહુ અન્હૂને પૂછવામાં આવ્યું કે; ઇસ્તિકામત (અટલ રહેવુ) શું છે ? જવાબ આપ્યો; એ કે અલ્લાહ તઆલાનો કોઇને શરીક બનાવે નહિ. હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું; ઇસ્તિકામત એ છે કે હુકમો અને મનાઇ હુકમોનો પાબંદ રહે. હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું; ઇસ્તિકામત એ છે કે અમલમાં નિખાલસતા હોય. હઝરત અલી રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું; ઇસ્તિકામત એ છે કે ફર્ઝો પુરા કરે. અને ઇસ્તિકામતના અર્થમાં એવું પણ કહેવાયું છે કે; અલ્લાહ તઆલાના હુકમને પુરો કરે અને ગુન્હાઓથી બચે.

૩૩૩. મૃત્યુ સમયે અથવા તે સમયે જ્યારે તેઓ કબરોમાંથી ઉઠશે અને એવું પણ કહેવાયું છે કે મુઅમિનને ત્રણવાર વધામણાં આપવામાં આવે છે, એક મૃત્યુ ટાણે બીજુ કબરમાં ત્રીજું કબરોમાંથી ઉઠતી વખતે.

૩૩૪. મૃત્યુથી અને આખેરતમાં સામે આવનાર પરિસ્થિતિઓથી.

૩૩૫. સગાંઓ અને ઔલાદ છુટવાની અથવા ગુન્હાઓની.

૩૩૬. અને ફરિશ્તાઓ (વધુમાં) કહેશે...

૩૩૭. તમારી સંભાળ રાખતા હતા.

૩૩૮. તમારી સાથે રહીશુ અને જ્યાં સુધી તમે જન્નતમાં પ્રવેશી જાવ નહિ, ત્યાં સુધી તમને એકલા મૂકીશું નહિ.

૩૩૯. અર્થાત જન્નતમાં, તે સન્માન નેઅમત અને લિજ્જત છે.....

૩૪૦. તેની તવહીદ અને ઇબાદત તરફ. કહેવામાં આવ્યું છે કે એ બોલાવનાર તે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે અને એવું પણ કહેવાયું છે કે તે મુઅમિન છે જેણે હુઝૂરનું કહેવું માન્યું (ઇમાન લાવ્યો) અને બીજાઓને નેકી તરફ બોલાવ્યા.

૩૪૧. **શાને નુઝૂલ** :- હઝરત આઇશહ સિદ્દીકહ રદીયલ્લાહુ તઆલા અન્હાએ ફરમાવ્યું છે કે; મારા મંતવ્ય મુજબ આ આયત અઝાન પોકારનારાઓ વિષે ઉતરી છે. અને એક કથન એવું છે કે જે કોઇ પણ ગમે તેવી રીતે અલ્લાહ તરફ બોલાવે તેનો આમાં સમાવેશ થાય છે. અલ્લાહ તરફ બોલાવવા (દઅવત ઇલ્લ-લ્લાહ) ના કેટલાએ વર્ગો છે. પ્રથમ પૈગમ્બરો જે બોલાવે છે તે મુઅજિઝાઓ અને દલીલો તેમજ સાબિતીઓ અને તલ્વાર (જિહાદ) વડે. એ તરીકા પૈગમ્બરો માટે જ ખાસ છે. બીજું આલિમોનું બોલાવવું, માત્ર દલીલો અને સાબિતીઓ વડે. અને આલિમો કેટલીએ જાતના છે પ્રથમ આલિમ બિલ્લાહ (અલ્લાહને ઓળખનાર) બીજા આલિમ બિસિફાતિલ્લાહ (અલ્લાહના ગુણોની જાણકારી ધરાવનાર) ત્રીજા આલિમ બિઅહકામિલ્લાહ (અલ્લાહના હુકમોનું જ્ઞાન ધરાવનાર) ત્રીજું મુજાહિદોનું બોલાવવું, એ લોકો કાફિરોને તલ્વાર (જિહાદ) વડે બોલાવે છે એટલે સુધી કે તેઓ દીનમાં દાખલ થઇ જાય અને આજ્ઞાપાલન કરે. ચોથું અઝાન પોકારનારા-ઓનું નમાઝ માટે બોલાવવું. નેક કાર્યના બે પ્રકાર છે એક તે જે હૃદયથી હોય અને તે અલ્લાહની મઅરેફત છે બીજું તે જે શરીરના અવયવો દ્વારા હોય અને તે બધી જ નેકીઓ છે.

૩૪૨. અને એ માત્ર કહેવા પૂરતું ન હોય બલ્કે દીને ઇસ્લામમાં દિલી શ્રધ્ધા મુજબ કહે કારણ કે સાચું કહેવું એ જ છે.

૩૪૩. દા. ત. ક્રોધને સબર વડે અને જહાલતને ઇલ્મ વડે અને ગેરવર્તણુંકને માફી દ્વારા કે જો કોઇ તારી સાથે ખરાબ રીતે વર્તે તો તુ માફ કરી દે.

૩૪૪. અર્થાત એ ટેવનું પરિણામ એ આવશે કે દુશ્મન દોસ્તોની જેમ મહોબ્બત રાખવા માંડશે.

**શાને નુઝૂલ** :- કહેવામાં આવ્યું છે કે આ આયત અબૂસુફયાન બાબત ઉતરી કે તેઓ ખૂબ સખત અદાવત રાખતા હોવા છતાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમની સાથે સદવર્તન રાખ્યું, તેમની દીકરીને પોતાની પત્ની બનાવી પાવન કર્યાં, એનું પરિણામ એ આવ્યું કે તેઓ સાચી મોહબ્બત ધરાવનાર અને પ્રાણ ન્યોચ્છાવર કરી દેનાર બની ગયા.

૩૪૫. અર્થાત બદીને નેકી દ્વારા દૂર કરવાની ટેવ.

૩૪૬. અર્થાત જો શયતાન તને બુરાઇ કરવા પ્રેરે અને એ નેક ટેવથી અથવા બીજી નેકીઓથી હટાવવાના પ્રયત્નો કરે.....

૩૪૭. તેની શરારતથી અને પોતાની નેકીઓ પર અટલ રહે, શયતાનનો માર્ગ પકડ નહિ, અલ્લાહ તઆલા તારી મદદ કરશે.

૩૪૮. જે તેની કુદરત અને હિકમત તેમજ તેના પાલનહાર હોવા અને તેના એક હોવા પ્રતિ નિર્દેશ કરે છે.

૩૪૯. કારણ કે તે મખ્લૂક છે અને સર્જનહારના હુકમથી બંધાએલ છે અને જે એવું હોય તે ઇબાદતને પાત્ર હોય શકતું નથી.

فَاِنِ اسْتَكْبَرُوْا فَالَّذِيْنَ عِنْدَ رَبِّكَ يُسَبِّحُوْنَ لَهٗ
بِالَّيْلِ وَالنَّهَارِ وَهُمْ لَا يَسْـَٔمُوْنَ ۩ ﴿٣٨﴾ وَمِنْ اٰيٰتِهٖٓ
اَنَّكَ تَرَى الْاَرْضَ خَاشِعَةً فَاِذَآ اَنْزَلْنَا عَلَيْهَا
الْمَآءَ اهْتَزَّتْ وَرَبَتْ اِنَّ الَّذِيْٓ اَحْيَاهَا لَمُحْيِ الْمَوْتٰى
اِنَّهٗ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٣٩﴾ اِنَّ الَّذِيْنَ يُلْحِدُوْنَ
فِيْٓ اٰيٰتِنَا لَا يَخْفَوْنَ عَلَيْنَا اَفَمَنْ يُّلْقٰى فِي
النَّارِ خَيْرٌ اَمْ مَّنْ يَّاْتِيْٓ اٰمِنًا يَّوْمَ الْقِيٰمَةِ
اِعْمَلُوْا مَا شِئْتُمْ اِنَّهٗ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٤٠﴾
اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِالذِّكْرِ لَمَّا جَآءَهُمْ وَاِنَّهٗ
لَكِتٰبٌ عَزِيْزٌ ﴿٤١﴾ لَّا يَاْتِيْهِ الْبَاطِلُ مِنْ بَيْنِ
يَدَيْهِ وَلَا مِنْ خَلْفِهٖ تَنْزِيْلٌ مِّنْ حَكِيْمٍ حَمِيْدٍ ﴿٤٢﴾

જો તેઓ અભિમાન કરે[૩૫૧] તો તે જેઓ તમારા રબની પાસે છે[૩૫૨] (તેઓ) રાત દિવસ તેની પવિત્રતા વર્ણવે છે અને કંટાળતા નથી (૩૮) અને તેની નિશાનીઓમાંથી (એ પણ) છે કે તુ ધરતીને કદર વિનાની પડી રહેલી[૩૫૩] જુએ (છે) પછી જ્યારે અમે તેના પર પાણી વરસાવ્યું[૩૫૪] (ત્યારે તે) લીલીછમ બની ગઇ અને વધી ગઇ, બેશક ! જેણે એને જીવંત બનાવી તે અવશ્ય મડદાંઓ (પણ) જીવતાં કરશે, બેશક ! તે સર્વ કંઇ કરી શકે છે (૩૯) બેશક ! તેઓ જે અમારી આયતો (બાબત)માં વાંકા ચાલે છે[૩૫૫] (તેઓ) અમારાથી છુપા નથી[૩૫૬]. તો શું જે આગમાં નાખવામાં આવશે[૩૫૭] તે સારો કે જે કયામતમાં શાંતિથી આવશે (તે સારો ?)[૩૫૮]. જે જીવમાં આવે તે કરો બેશક ! તે તમારાં કર્મો નિહાળી રહ્યો છે (૪૦) બેશક ! જેઓ ઝિક્રના ઇન્કારી બન્યા[૩૫૯] જ્યારે કે તે એમની પાસે આવ્યું તેમની ખરાબીની તો કશી હાલત પૂછીશ જ નહિ. અને બેશક ! આ તો ઇજ્જતવાળી કિતાબ છે[૩૬૦] (૪૧) અસત્યને એની તરફ માર્ગ (મળવાનો) નથી ન તો એની આગળથી ન એની પાછળથી[૩૬૧], હિકમતવાળા તમામ ખૂબીઓથી વખણાએલાનું ઉતારેલું છે[૩૬૨] (૪૨)

૩૫૦. તેજ સિજદાને અને ઇબાદતને લાયક છે.

૩૫૧. માત્ર એક અલ્લાહને સિજદો કરવાથી.

૩૫૨. ફરિશ્તાઓ.

૩૫૩. સુકી જેમાં લીલોતરીનું નામ નિશાન પણ નથી.

૩૫૪. વરસાદ વરસાવ્યો.

૩૫૫. અને આયતોની તાવીલ કરવામાં સાચી વાત અને અડગતાથી ફરી બેસે છે...

૩૫૬. અમે તેમને એની સજા આપીશું.

૩૫૭. અર્થાત કાફિર મુલ્હિદ.

૩૫૮. મુઅમિન ખરા અકીદાવાળો. બેશક ! તે જ સારો છે.

૩૫૯. અર્થાત કુરઆને કરીમના અને તેમણે એમાં એબો કાઢી.

૩૬૦. બેમિસાલ અને લાજવાબ જેના જેવી એક સૂરત પણ બધી મખ્લૂક થઇને બનાવી શકતી નથી.

૩૬૧. અર્થાત કોઇ પણ રીતે અને કોઇ પણ દિશાએથી અસત્ય એમાં ઘુસણખોરી કરી શકતું નથી તે ફેરબદલ વધારો ઘટાડો થવાથી જળવાએલી છે શયતાન એમાં પોતાની ઇચ્છા મુજબ વર્તી શકતો નથી.

૩૬૨. અલ્લાહ તઆલા તરફથી.

૩૬૩. પોતાના પૈગમ્બરો અને તેમના પર ઇમાન લાવનારાઓ માટે.

૩૬૪. પૈગમ્બરોના દુશ્મનો અને તેમને જૂઠાડનારાઓ માટે.

૩૬૫. જેવું કે આ કાફિરો વાંધો ઉઠાવતાં કહે છે કે; આ કુરઆન અજમી ભાષામાં કેમ ઉતર્યું નહિ ?

مَا يُقَالُ لَكَ إِلَّا مَا قَدْ قِيلَ لِلرُّسُلِ مِنْ قَبْلِكَ
إِنَّ رَبَّكَ لَذُو مَغْفِرَةٍ وَذُو عِقَابٍ أَلِيمٍ ﴿٤٣﴾ وَلَوْ
جَعَلْنَاهُ قُرْآنًا أَعْجَمِيًّا لَقَالُوا لَوْلَا فُصِّلَتْ آيَاتُهُ
ءَأَعْجَمِيٌّ وَعَرَبِيٌّ قُلْ هُوَ لِلَّذِينَ آمَنُوا هُدًى
وَشِفَاءٌ وَالَّذِينَ لَا يُؤْمِنُونَ فِي آذَانِهِمْ
وَقْرٌ وَهُوَ عَلَيْهِمْ عَمًى أُولَٰئِكَ يُنَادَوْنَ مِنْ
مَكَانٍ بَعِيدٍ ﴿٤٤﴾ وَلَقَدْ آتَيْنَا مُوسَى الْكِتَابَ
فَاخْتُلِفَ فِيهِ وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَبِّكَ
لَقُضِيَ بَيْنَهُمْ وَإِنَّهُمْ لَفِي شَكٍّ مِنْهُ مُرِيبٍ ﴿٤٥﴾
مَنْ عَمِلَ صَالِحًا فَلِنَفْسِهِ وَمَنْ أَسَاءَ
فَعَلَيْهَا وَمَا رَبُّكَ بِظَلَّامٍ لِلْعَبِيدِ ﴿٤٦﴾

તમને કહેવામાં નહિ આવે પણ તે જ જે તમારાથી આગલા રસૂલોને કહેવાયું કે; બેશક ! તમારો રબ માફ કરનાર[૩૬૩] અને દુ:ખદાયક અઝાબ આપનાર છે[૩૬૪] (૪૩) અને જો અમે એને અરબી સિવાયની અન્ય ભાષાનું કુરઆન કરત[૩૬૫] તો અવશ્ય કહેત કે; 'કેમ સ્પષ્ટ કરવામાં આવી નહિ એની આયતો ?[૩૬૬] 'શું કિતાબ અજમી અને રસૂલ અરબી ?'[૩૬૭] તમે ફરમાવો; 'એ[૩૬૮] તો ઇમાનવાળાઓ માટે શિફા અને હિદાયત છે[૩૬૯]' અને જેઓ ઇમાન લાવતા નથી તેમના કાનોમાં દાટા દેવાએલા છે[૩૭૦] અને એ તેમના માટે અંધાપો છે[૩૭૧], જાણે કે તેઓ (ખૂબ) આઘેના સ્થાનેથી પોકારાતા હોય[૩૭૨] (૪૪) અને બેશક ! અમે મૂસાને કિતાબ આપી[૩૭૩] તો તેમાં મતભેદ કરવામાં આવ્યો[૩૭૪]. અને જો એક વાત તમારા રબ તરફથી પસાર થઇ ચૂકી ન હોત[૩૭૫] તો ત્યારે જ એમનો ફેંસલો થઇ જાત[૩૭૬]. અને બેશક ! તેઓ[૩૭૭] જરૂર એના તરફથી એક દગો આપનાર શંકામાં છે (૪૫) જે નેકી કરે તે પોતાના ભલા ખાતર (કરે છે) અને જે બુરાઇ કરે તો તે પોતાના અહિત માટે (કરે છે). અને તમારો રબ બંદાઓ પર જુલમ કરતો નથી (૪૬).

૩૬૬. અને અરબી ભાષામાં કેમ વર્ણવવામાં આવી નહિ કે જેથી અમે સમજી શકત ?

૩૬૭. અર્થાત કિતાબ નબીની ભાષા સિવાય બીજી ભાષામાં કેમ ઉતરી ? હેતુ એ કે જો કુરઆન બિન અરબીમાં ઉતરત તો પણ આ કાફિરો વાંધો ઉઠાવત અને અરબીમાં ઉતર્યુ તો પણ વાંધો લે છે. હકીકત એ છે કે 'કુટેવને સો બહાનાં' આવા વાંધાઓ સત્ય શોધકને છાજતા નથી.

૩૬૮. કુરઆન શરીફ.

૩૬૯. સત્યનો રસ્તો દેખાડે છે, ગુમરાહીથી બચાવે છે, જહાલત અને શંકા વિગેરે દિલના રોગોથી શિફા આપ છે અને શારીરિક બીમારીઓમાં પણ એનું પઢીને ફૂંકવું બીમારી દૂર કરવા માટે અસરકારક છે.

૩૭૦. કે તેઓ કુરઆન પાક સાંભળવાની નેઅમતથી વંચિત છે.

૩૭૧. કે શંકાઓના અંધકારમાં અટવાએલા છે.

૩૭૨. અર્થાત તેઓ પોતાના અસ્વીકારના કારણે એવી પરિસ્થિતિમાં પહોંચી ગયા છે જાણે કે કોઇને દૂરથી બોલાવવામાં આવે તો તે પોકારનારની વાતને સાંભળે નહિ અને સમજે પણ નહિ.

૩૭૩. અર્થાત તવરાત શરીફ.

૩૭૪. અમુકે એને માની અમુકે ન માની અમુકે તેની સત્યતા ને સ્વીકારી અમુકે જૂઠાડી.

૩૭૫. અર્થાત હિસાબ અને બદલાને કયામત સુધી ઠેલ્યો ન હોત....

૩૭૬. અને દુનિયામાં જ તેમને એની સજા કરાત.

૩૭૭. અર્થાત અલ્લાહની કિતાબને જૂઠાડનારાઓ.